Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



આગમોદ્ધારક સ્વર્ગસ્થ આ. મ. શ્રી સાગરાનંદસૂરિજી મહારાજ

વીર સં. ૨૪૭૬ જ્યેષ્ઠ વિક્રમ સં. ૨૦૦૬

પુસ્તક ૬૬ મું ] પ્રગટકર્તા— [ ૧૫ મી મે

અંક ૮ મો શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ઈ. સ. ૧૯૫૦

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

પુસ્તક ૬૬ મું અંક ૮ મો. } જ્યેષ્ઠ { વીર સં. ૨૪૭૬ વિ. સં. ૨૦૦૬

## अनुक्रमणिका


१ શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું સ્તવન ( આ. શ્રી વિજયઅમૃતસૂરિજી મહારાજ ) ૧૬૯
૨ જગતની વિષમતા ... ... ( " સાહિત્યચંદ્ર " બાલચંદ હીરાચંદ ) ૧૭૦
૩ જ્ઞાનપ્રામાણ્યવાદ : ૨ ... ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૧૭૧
૪ કર્મપ્રકૃતિ ... ... ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૧૭૬
૫ ભક્તિની દીપ્તિ ... ( ' સાહિત્યચંદ્ર ' શ્રી બાલચંદ હીરાચંદ ) ૧૮૧
૬ વ્યવહાર કૌશલ્ય : [ ૨૯૧ ] ... ... ( મૌક્તિક ) ૧૮૫
૭ જીવસમાસનો રચનાસમય ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા M.A. ) ૧૮૬
૮ સાહિત્યવાડીના કુસુમો ... ... ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૧૮૯


## પૂજા ભણાવી

વૈશાખ શુદિ આઠમના રોજ પૂજ્ય શાંતમૂર્તિ મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની સ્વર્ગવાસતિથિ હોઇને સામાયિકશાળામાં તેમની મૂર્તિ સમક્ષ સવારના નવ કલાકે સભા તરફથી પૂજા ભણાવવામાં આવી હતી.

## દિલસોજી દર્શાવી

આગમોદ્ધારક આચાર્ય મહારાજશ્રી સાગરાનંદસૂરિજી મહારાજ વૈશાખ વદિ પાંચમના રોજ સુરતખાતે સ્વર્ગવાસી થતાં તેમના સ્વર્ગવાસ બદલ ખેદ દર્શાવતો તાર સુરત કરવામાં આવ્યો હતો.

## પાઠશાળા ઉપયોગી પુસ્તકો મંગાવો.


| | | | |
|---|---|---|---|
| શ્રી પંચપ્રતિક્રમણ મૂળ | રૂા. ૧-૪-૦ | ગુણસાર ( કથા ) | ૦-૮-૦ |
| શ્રી બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ. | રૂા. ૦-૬-૦ | જયવિજય ( ,, ) | ૦-૮-૦ |
| શ્રી અર્હંત-પ્રાર્થના ( સ્તુતિ ) | ૦-૪-૦ | હરિબલ ( ,, ) | ૦-૮-૦ |
| આત્મવાદ | ૦-૧૦-૦ | વિક્રમાદિત્ય ( ,, ) | ૦-૧૦-૦ |
| | | જ્ઞાનપંચમી માહાત્મ્ય ( વરદત્ત ગુણમંજરી ) ( ,, ) | ૦-૮-૦ |

લખો:—શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૬ મું. અંક ૮ મો. | : જ્યેષ્ઠ : | વીર સં. ૨૪૭૬ વિ. સં. ૨૦૦૬

## શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું સ્તવન.

( રાગ—આવો આવો હે વીરસ્વામી. )

વંદો વંદો હે ભવિજન પ્યારા, ચંદ્રપ્રભુ જિનરાજ;
ચંદો ચંદો હે ભવિજન પ્યારા, ત્રિભુવન એ શિરતાજ.
ચંદ્ર લંછન પ્રભુ ચરણે સોહે, લંછન જસ ન લગાર;
કેવલ નાણુનો રયણ ભરીયો, દરિયો તરીયો સંસાર.
ચંદ્ર વદન જિન-દર્શન કરીને, નયન સફલ મુજ આજ;
રત્ન ચિંતામણી તુંહી પ્રભુ મળ્યો, સરીયાં સઘળા કાજ.
પ્રભુ તુજ મૂરતિ નીરખી હરખું, જેમ ચંદ્ર ચકોર;
પ્રભુ તુજ ધ્યાને અહોનિશ રમતાં, બળી જાય કર્મ કઠોર.
પ્રભુ તુજ વાણી અમીરસ ખાણી, પાંત્રીશ ગુણે રસાળ;
અતિશય ચોત્રીશ તુજને છાજે, કરું વંદન ત્રિકાળ.
ગુરુ કર્પૂરસૂરિ અમૃત જંપે, એ પ્રભુ દીનદયાળ;
(જૈનપુરીમાં) નવા ગામમાં એ પ્રભુ ભજતાં, વરીયે મંગળમાળ

—આચાર્ય શ્રી વિજયઅમૃતસૂરિજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જગતની વિષમતા

ઘોડે થઈને સ્વાર ફરતો એહ પણ છે માનવી,
દોડે ઊઘાડા પગથકી જે એહ પણ છે માનવી;
પહેરી દુકુલ જરીયાણુ મ્હાલે એહ પણ છે માનવી,
જે વસ્ત્રહીણો નગ્ન ફરતો એહ પણ છે માનવી.
બેસે મહેલમાં મંચકે જે એહ પણ છે માનવી,
આકાશ ભૂ વચ્ચે વસે છે એહ પણ છે માનવી;
ખાઈ ધરાએ શર્કરા ઘૃત એહ પણ છે માનવી,
ભટકે ઘરેઘર અન્ન કાજે એહ પણ છે માનવી.
ધન કોટિ અબ્જોમાં વસે છે એહ પણ છે માનવી,
જે શ્રમ કરી કોડી ન પામે એહ પણ છે માનવી;
જ્ઞાની થઈને માન પામે એહ પણ છે માનવી,
રખડે નિરક્ષર ભૂંડ જેવો એહ પણ છે માનવી.
જે એક શબ્દે બોધ પામે એહ પણ છે માનવી,
ભણતા નિરંતર મૂર્ખ રહેતો એહ પણ છે માનવી;
સાધુ જિતેંદ્રિય જે પૂજાએ એહ પણ છે માનવી,
જે દાસ ઇંદ્રિય વર્ગનો છે એહ પણ છે માનવી.
જે રૂપ ને લાવણ્ય ધારે એહ પણ છે માનવી,
જે કુરૂપ ને વળી આંખહીણો એહ પણ છે માનવી;
જે પામતો આદર ઘરેઘર એહ પણ છે માનવી,
જે તિરસ્કૃત થઈને ફરે છે એહ પણ છે માનવી.
વિજ્ઞાન ગોષ્ઠી જેહ કરતો એહ પણ છે માનવી,
જે થઈ સુરાથી મત્ત બોલે એહ પણ છે માનવી;
સંગીત ગાવે ભક્તિ રસમાં એહ પણ છે માનવી,
જે રુદન કરતો વેદનાથી એહ પણ છે માનવી.
ઉપદેશ આપે સત્ય વક્તા એહ પણ છે માનવી,
ચોરી અને જારી કરે છે એહ પણ છે માનવી;
જે પુષ્ટ નીરોગી રહે છે એહ પણ છે માનવી,
રોગી સદા નહીં પથ્ય પાળે એહ પણ છે માનવી.
જે સુઘડતા ચતુરાઈ ધારે એહ પણ છે માનવી,
જે સહુ બગાડે કાર્ય નિજનું એહ પણ છે માનવી;
જે મસ્ત આત્માનંદમાં છે એહ પણ છે માનવી,
જે બંધ પાપોના કરે છે એહ પણ છે માનવી.
સંવર કરી જે નિર્જરે છે એહ પણ છે માનવી,
જે નર્ક ગતિના બંધ બાંધે એહ પણ છે માનવી;
જાણી વિષમતા વિશ્વકેરી શાસ્ત્ર-આજ્ઞા માનવી,
બાલેંદુની વિનતિ ધરી મનશું ધર ઝટ હે માનવી!

શ્રી
બાલચંદ
હીરાચંદ
'સાહિત્યચંદ્ર'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ज्ञानप्रामाण्यवाद ।

( ૩ )

લેખકઃ—શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી

જ્ઞાનની પ્રમાણુતાની પરીક્ષા કરવાની ત્રણ જૂદી જૂદી થીયરીઓ–સંવાદક-પ્રત્યયજ્ઞાનવાદ, કાર્યક્ષમતાજ્ઞાનવાદ અને વિશ્વમાં રહેલ વસ્તુઅનુરૂપ જ્ઞાનવાદ-(Correspondance, Pragmatism, Coherence)ની જૈન દર્શનની દૃષ્ટિએ આપણે વિચારણા કરી. હવે ચોથી થીયરી સ્વતઃ પ્રામાણ્યજ્ઞાનવાદ (Self-evident theory of truth)ની વિચારણા કરવાની રહે છે. જ્ઞાનનું સ્વતઃ પ્રામાણ્ય અને પરતઃ પ્રામાણ્ય છે કે સ્વતઃ પ્રામાણ્ય છે અને પરતઃ અપ્રામાણ્ય છે વિગેરે સવાલોની ચર્ચા અહીં જોવાની છે. આ ચર્ચા પ્રમાણુનયતત્ત્વાલોક, પ્રમાણમીમાંસા, જ્ઞાનબિંદુ જેવા આકાર જૈન ગ્રંથોમાં કરવામાં આવેલ જોવામાં આવે છે.

જ્ઞાનના સ્વતઃ પ્રમાણ અને પરતઃ પ્રમાણની ચર્ચા પ્રથમ વેદના જ્ઞાનની પ્રમાણુતાને અંગે શરૂ થયેલ જોવામાં આવે છે. મિમાંસકો અને નૈયાયિકો વચ્ચે આ વાદ શરૂ થતા નૈયાયિકોએ જ્ઞાનની પ્રમાણુતા પરતઃ ઇશ્વરમૂલક માની અને પછી પ્રત્યક્ષાદિ સર્વ પ્રમાણોની પ્રમાણુતા પણ પરતઃ માની; મિમાંસકોએ વેદની પ્રમાણુતા સ્વતઃ માની, પછી બીજા પ્રમાણો–પ્રત્યક્ષ વિગેરેની પ્રમાણુતા પણ સ્વતઃ માની. આ રીતે સ્વતઃ અને પરતઃ પ્રમાણુવાદની ચર્ચા શરૂ થયેલ જોવામાં આવે છે. નૈયાયિક કાલમાં જૈન આચાર્યોએ પણ આ ચર્ચા ઉપસ્થિત કરેલ જોવામાં આવે છે. તેમાં મુખ્યત્વે અન્ય દર્શનો–ન્યાય અને મિમાંસક વચ્ચેની માન્યતા ઉપર ચર્ચા થયેલ છે. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય મહારાજે જ્ઞાનબિંદુમાં ચર્ચા સમગ્ર દૃષ્ટિબિંદુથી કરેલ જોવામાં આવે છે. તેમાં ન્યાય અને મિમાંસકોના મતની સમીક્ષા કરી છે એટલું જ નહિ પણ જૈન દૃષ્ટિએ જ્ઞાનનું સ્વરૂપ જોતાં કઇ થીયરી પ્રમાણુતા નક્કી કરવામાં બંધબેસતી છે તેનો પણ વિચાર કર્યો છે. પ્રમાણુનયતત્ત્વાલોકમાં ૧–૨૧ના સૂત્રમાં બતાવ્યું છે કેઃ—

**तदुभयमुत्पत्तौ परत एव, ज्ञप्तौ तु स्वतः परतश्च ।**

જ્ઞાનની ઉત્પત્તિ વખતે પ્રામાણ્ય અને અપ્રામાણ્ય પરતઃ છે, જ્ઞાનની જ્ઞપ્તિ વખતે સ્વતઃ અને પરતઃ છે. અર્થાત્ જ્ઞાનની પ્રમાણુતા અને અપ્રમાણુતાનો આધાર જ્ઞાનની ઉત્પત્તિ વખતે બહારના કારણોને આધીન છે. જ્ઞાન થતી વખતે જ્ઞાનની પ્રમાણુતા કેટલાક સંયોગોમાં સ્વતઃ છે, કેટલાક સંયોગોમાં પરતઃ બહારના સંયોગોને આધીન છે. પ્રમાણમીમાંસામાં પણ ૮ મું સૂત્ર તેવા જ ઉલ્લેખવાળું છે. ઉપાધ્યાયજી મહારાજની સર્વમુખી તાર્કિક દૃષ્ટિમાં આ અર્થ એકાંત યથાર્થ જણાયો નથી. તેઓશ્રી જ્ઞાનબિંદુમાં લખે છે કે—'ઇહા' એ જ અપાય-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થયાથાત્મ્ય નિશ્ચયનું જનક કારણ હોઇ બીજા કોઈ કારણની જરૂર ન હોય તો ઉપર બતાવેલ **तदुभयम्**...એ આકાર સૂત્રનો વિરોધ આવે છે. તે સૂત્રનો ઉપાધ્યાયજી અર્થ કરે છે અને પોતાનો અભિપ્રાય દર્શાવે છે કે–" **अयं च विभागो विषयापेक्षया, स्वरूपे तु सर्वत्र स्वत एव प्रामाण्यनिश्चयः** એટલે સ્વતઃ પરતઃ પ્રામાણ્યનો જે ભેદ બતાવવામાં આવે છે તે જ્ઞાનના વિષયની અપેક્ષાએ છે, જ્ઞાનના સ્વરૂપની અપેક્ષાએ તો બધું જ્ઞાન પ્રમાણ જ્ઞાન છે. જો જ્ઞાન અપ્રમાણ નીકળે, ભ્રામક નીકળે તો તેનું કારણ જ્ઞાનના સ્વભાવમાં નથી, પણ જ્ઞાનની ઉત્પત્તિ વખતે શરીરની ઇંદ્રિયોના દોષો અથવા જ્ઞાનમાં આવતા જ્ઞાનના વિષયની સ્થિતિ–સંયોગો વિગેરેના બહારના કારણોથી જ્ઞાન ભ્રામક થાય છે. ચક્ષુઇંદ્રિયમાં કમળો હોય, છેટે પડેલ પદાર્થ ઉપર પૂરો પ્રકાશ ન પડતો હોય આદિ અનેક બહારના કારણોને લીધે જ્ઞાન ભ્રામક નીકળે છે.

જૈનદર્શનમાં જ્ઞાનનું જે સ્વરૂપ બતાવ્યું છે તે જોતાં આગમિક દૃષ્ટિએ સ્વતઃ પ્રમાણુવાદ જ જૈન તત્ત્વજ્ઞાનને બંધબેસતો છે, પરતઃ પ્રમાણુ અપ્રમાણુવાદ તો વ્યવહારનયની દૃષ્ટિથી જ જોવામાં આવ્યો છે. પહેલાં બતાવ્યું છે તે પ્રમાણે સ્વપરપ્રકાશક ગુણ આત્માનો અસાધારણ છે. એટલે આત્મા પોતાના સ્વભાવભૂત જ્ઞાન ગુણથી પોતાના પર્યાયો અને પર વસ્તુનો પ્રકાશ કરે છે, જો તેમાં બીજા આવરણો ન હોય તો આત્માના જ્ઞાનનો પ્રકાશ જ્ઞાનના વિષયને યથાર્થ સ્વરૂપમાં બતાવે છે, તે યથાર્થતા નવી ઉત્પન્ન થતી નથી, પણ પ્રકાશિત થાય છે. જ્ઞાનનું કામ યથાર્થતા( Truth )ને નવું ઉત્પન્ન કરવાનું નથી, પણ વસ્તુસ્વરૂપની યથાર્થતાને પ્રકાશિત કરવાનું છે. એટલે બહારના કોઇ કારણ જ્ઞાનને પ્રગટ કરતા નથી, સાચા જ્ઞાનને અવરોધ કરે છે. આત્માના સ્વભાવભૂત કેવળજ્ઞાનના આવરણોમાં પ્રથમ તો અનાદિકાળથી આત્મા સાથે ઓતપ્રોત થઇને રહેલ કર્મો છે, જેને જ્ઞાનાવરણીય કર્મો કહેવામાં આવે છે. જ્ઞાનાવરણીય કર્મો પણ આત્માના સ્વભાવભૂત નથી, એટલે તે કર્મોના આવરણથી યથાર્થ જ્ઞાન ન થાય તે પણ આત્મજ્ઞાનના સ્વતઃ કારણથી નથી, પણ આવરણ કરતા કર્મોના પારકા કારણથી છે. આત્માને જ્ઞાન મેળવવાના કામમાં શરીર–ઇંદ્રિયો અને મનની મદદ લેવી પડે છે. શરીર–ઇંદ્રિયો કે મનના દોષથી પણ ઘણીવાર યથાર્થ જ્ઞાન મળતું નથી. આમાં પણ કારણ આત્માને જ્ઞાન મેળવવાનો સ્વભાવ નથી પણ બહારના કારણો છે. ટૂંકામાં જૈન દર્શન પ્રમાણે આત્મપ્રત્યક્ષ જ્ઞાન ( Intuition )–ઇંદ્રિયો અને મનની મદદ વિનાનું તો યથાર્થ–પ્રમાણજ્ઞાન જ હોય છે. તે જ્ઞાનનું સ્વતઃ પ્રામાણ્ય છે. તેનું પ્રામાણ્ય નક્કી કરવા માટે બીજા કોઈ જ્ઞાનની જરૂર નથી. વ્યવહારમાં છદ્મસ્થ અવસ્થામાં આવું જ્ઞાન શક્ય નથી; માટે જે જ્ઞાન મળે છે તે યથાર્થ છે કે ભ્રામક છે તેનો નિર્ણય કરવા માટે સંવાદકબાધક આદિ પરીક્ષાઓ કરવાની જરૂર છે. તેવી પરીક્ષાઓ( Tests )ના મૂળમાં પણ જ્ઞાનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વત: પ્રમાણતાની માન્યતા રહેલી છે. નહિ તો અનવસ્થા આદિ અનેક દોષો આવે છે તે ઉપર બતાવવામાં આવેલ છે.

જ્ઞાનની પ્રમાણતાને અંગે ઉપર સંવાદક બાધક આદિ જે થીયરીઓ બતાવવામાં આવી તે બૌધિક ક્ષેત્ર( Intellectual )ને આશ્રયીને બતાવવામાં આવી છે. જે જ્ઞાન ન્યાય અને તર્કની દૃષ્ટિએ સંગત હોય, જેમાં બાધકતા બીજા જ્ઞાનથી ન આવતી હોય તે જ્ઞાન ન્યાયની દૃષ્ટિએ પ્રમાણજ્ઞાન છે, તેથી વિપરીત જ્ઞાન અપ્રમાણ છે. આ વ્યવહાર દૃષ્ટિ છે. પણ આધ્યાત્મિક દૃષ્ટિએ-ધર્મની દૃષ્ટિએ વિચારતાં આવું જ્ઞાન પણ અજ્ઞાન કહેવામાં આવે છે, આધ્યાત્મિક દૃષ્ટિ આત્માના શ્રેયને મુખ્ય ગણે છે, સર્વ પ્રવૃત્તિનું ધ્યેય પરમ પુરુષાર્થ-મોક્ષ છે. આત્માની અનાદિ કાળથી કર્મ પુદ્‌ગલોથી જે બદ્ધસ્થિતિ છે, તે સ્થિતિમાંથી મુક્ત થવું તે મોક્ષ છે, અને મોક્ષના માર્ગ ઉપર જે જ્ઞાન દોરે તે સાચું જ્ઞાન-સમ્યગ્‌ જ્ઞાન છે. બીજું બધું જ્ઞાન વિપરીતજ્ઞાન-અજ્ઞાન છે. એટલે જ્ઞાનની પ્રમાણતા-યથાર્થતાનો નિર્ણય કરવામાં એવું જોવાનું રહે છે કે આ જ્ઞાન મોક્ષમાર્ગ ઉપર લઇ જવા ઉપયોગી-સમર્થ છે કે કેમ? શાસ્ત્રમાં આ જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આવા જ્ઞાનવાળાને સમકિતદૃષ્ટિ કહેવામાં આવે છે, તેવું જ્ઞાન ન ધરાવનારને શાસ્ત્રમાં મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. શાસ્ત્રમાં એટલે સુધી કહ્યું છે કે—મિથ્યાદૃષ્ટિનું વ્યવહારદૃષ્ટિએ ગણાતું પ્રમાણ જ્ઞાન પણ આધ્યાત્મિક દૃષ્ટિએ અજ્ઞાન છે, અને સમ્યગ્‌ દૃષ્ટિવાળાનું બીજી રીતે કહેવાતું અપ્રમાણ જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન છે. મિથ્યાદૃષ્ટિના જ્ઞાનને અજ્ઞાન કહેવાના કેટલાક કારણો બતાવવામાં આવ્યા છે. પ્રથમ તો મિથ્યાદૃષ્ટિને વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોતું નથી. સત્‌ વસ્તુ કઇ અને અસત્‌ કઇ તેનું તેને જ્ઞાન નથી. સત વસ્તુ અને અસત્‌ વસ્તુનો ભેદ તેને જણાયો નથી. મિથ્યાદૃષ્ટિ સર્વ વસ્તુને એકાંત દૃષ્ટિએ જુએ છે, સ્યાદ્‌વાદ દૃષ્ટિએ જોતો નથી. એક પદાર્થને તે ઘટ કહે છે ત્યારે તે પદાર્થમાં ઘટત્વ ઉપરાંત અનેક ધર્મો રહેલા છે, તેનું જ્ઞાન તેને હોતું નથી. બીજું મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન સંસાર વધારવાનું કારણ બને છે. આત્મિક હિતને ન જાણનાર ડૉકટરો, વૈદ્યો પૌષ્ટિક માની જે દવાઓ આપે છે તે વિષયવાસનાને ઉત્તેજિત કરનાર હોવાથી સંસાર વધારનાર છે. ત્રીજું મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન ઉન્મત્તના જ્ઞાન જેવું સંબંધ વિનાનું ઘણીવાર હોય છે. ચોથું જ્ઞાનનું ફલ વિરતિ છે, મિથ્યાદૃષ્ટિના જ્ઞાનથી વિરતિ થતી નથી, ઊલટું મમતાભાવ વધે છે, આવા કારણોથી મિથ્યાદૃષ્ટિના વ્યવહાર દૃષ્ટિએ સાચા જ્ઞાનને પણ આધ્યાત્મિક દૃષ્ટિએ મિથ્યાજ્ઞાન કહેવામાં આવ્યું છે.

આ સમ્યગ્જ્ઞાન અને મિથ્યા જ્ઞાનનો ભેદ ઘણો સમજવા જેવો છે. એક જ જ્ઞાન એક દૃષ્ટિથી જોતાં મિથ્યા જ્ઞાન થાય છે, તે જ જ્ઞાન બીજી દૃષ્ટિથી જોતાં સમ્યગ્જ્ઞાન થાય છે. દાખલા તરીકે ખગોળ-ભૂગોળ વિગેરે જગતરચનાનું જ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે મેળવીએ છીએ. હાલના વિજ્ઞાનના સાધનોથી વિશ્વનું ક્ષેત્ર કેટલું મહાન અને અદ્દભૂત જોવામાં આવે છે. ભૂગોળ અને ખગોળના આ જ્ઞાનનો ઉપયોગ જો બુદ્ધિના વૈભવ માટે અથવા ઐહિક સુખ વધારવા માટે કરવામાં આવે તો તે જ્ઞાનને શાસ્ત્રકારો મિથ્યા જ્ઞાન કહેશે, કારણ તે જ્ઞાનની પ્રાપ્તિમાં કાંઇ રાગ, દ્વેષ કે મમતા ભાવ ઓછા થતા નથી. પણ જો આ જ ખગોળના જ્ઞાનનો ઉપયોગ વિશ્વની મહત્તા પાસે પોતે કેટલો તુચ્છ છે, કયાં સમસ્ત વિશ્વ અને તેમાં રહેલ જીવો અને કયાં પોતે ? કયાં મહાન્ સમુદ્ર અને કયાં સમુદ્રનું એક બિંદુ ? એવી સમકિત જીવ ભાવના ભાવે તો તેને તેની તુચ્છતા જણાય, પોતાના વાસ્તવિક સ્વરૂપનું ભાન થાય, માયા મમતા ઓછા થાય, મનની સ્થિરતા થાય, અને તે રીતે ખગોળનો-લોકસ્થિતિનો વિચાર કરવામાં આવે તો આ જ જ્ઞાન મોક્ષમાર્ગ તરફ લઇ જનાર હોવાથી સમ્યગ્જ્ઞાન બને છે.

હાલના પદાર્થવિજ્ઞાને ( Physics ) આધુનિક સાધનો અને પ્રયોગોવડે મહાન્ વિકાસ કર્યો છે. પુદ્દગળનું પૃથક્કરણ કરી તેનું અંતિમ સ્વરૂપ જાણવા પ્રયત્ન કર્યો છે. અણુના સ્વરૂપની પણ શોધખોળ કરેલ છે. અણુમાં કેટલી અનંત શક્તિ રહેલી છે તે શોધી કાઢયું છે. એક અણુને તોડતા તેમાંથી કેટલી અનંત શક્તિ પ્રગટે છે તે શોધેલ છે. અને તે ઉપરથી અણુજ્ઞાનનો ઉપયોગ કયાં કયાં કેવી કેવી રીતે થઇ શકે તે શોધી કાઢયું છે.

અણુની અનંત શક્તિનો ઉપયોગ જો સંહાર માટે લડાઇમાં કરવામાં આવે તો અણુ વિશેનું જ્ઞાન મહામિથ્યાજ્ઞાન છે, હિંસાને પોષનાર છે. અણુ શક્તિનો ઉપયોગ જો શારીરિક વ્યાધિ ઓછી કરવામાં આવે, તેના નવાં નવાં સાધનો કરી હઠીલા કેન્સર જેવા રોગોને મટાડવામાં આવે તો તેનું જ્ઞાન મહામિથ્યાજ્ઞાન તો ન કહેવાય, પણ આધ્યાત્મિક દૃષ્ટિએ સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન પણ ન કહેવાય. કારણ તેમાં ઐહિક સુખ પ્રાપ્ત કરવાની ભાવના છે. આત્મિક સુખ મેળવવાની ભાવના ગૌણ છે પણ જો તે જ અણુના જ્ઞાનથી અણુમાં અનંત શક્તિ છે, અણુ પણ પુદ્દગલસ્વરૂપ છે, કર્મ પણ પુદ્દગલસ્વરૂપ છે, અનાદિકાળથી કર્મ પુદ્દગલ આત્માને વળગેલ છે, આવી રીતે અનંત શક્તિવાળા કર્મથી આત્મા બદ્ધ હોવા છતાં તે કર્મોના બંધનથી મુક્ત થયેલા જીવોના દૃષ્ટાંતો નજરે પડે છે. એટલે કર્મ-પુદ્દગળની અનંત શક્તિ કરતાં પણ વધારે શક્તિ આત્મામાં છે. આત્મા પોતાનું વીર્ય ફોરવે તો નિકાચિત પણ કર્મપુદ્દગળોનો ક્ષય કરી શકે છે. આ જોતાં કર્મપુદ્દગ-લની શક્તિથી પણ આત્મામાં અનંત વધારે શક્તિ છે એવી ભાવના જો માણસ ભાવે તો તેને વસ્તુના ખરા સ્વરૂપનું ભાન થાય છે, આત્માની અનંત શક્તિ પ્રગટાવવા ઉદ્યમવંત થાય છે, અને પરિણામે કર્મોથી મુક્ત બની પરમપદ-મોક્ષને પામે છે. આ રીતે અણુના જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે તો અણુનું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન-સમ્યગ્જ્ઞાન કહી શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટૂંકામાં જ્ઞાન પ્રાપ્ત કરવામાં જૂદા જૂદા ધ્યેયો ધ્યાનમાં લઇએ તો યથાર્થ જ્ઞાન પ્રમાણુજ્ઞાન–સમ્યગ્જ્ઞાનના જૂદા જૂદા મૂલ્યાંકનો ( values ) થઇ શકે છે. શ્રી ઉપાધ્યાયજી મહારાજ આ સવાલની ચર્ચા જ્ઞાનબિંદુમાં કરે છે. ( પા. ૧૧–સીંધી સિરીઝ ) તેઓશ્રી લખે છે કે—

**पौद्गलितसम्यक्त्वतां सम्यक्त्वदलिकान्वितोऽपायांशः प्रमाणम्, क्षायिकसम्यक्त्ववतां केवलोऽपायांश इति..............सम्यक्त्वसमानाधिकरणापायत्वं ज्ञानस्य प्रामाण्यं पर्यवस्यति अन्यथाऽननुगमात्**—સમ્યકત્વ સાથેનો જ અપાય અંશ જ્ઞાનનું પ્રામાણ્ય નક્કી કરે છે. સમ્યકત્વ વિનાનું જ્ઞાન યથાર્થ જ્ઞાન હોય તો પણ સમ્યગ્જ્ઞાન નથી.

ઉપર પ્રમાણે જ્ઞાનની પ્રમાણુતા અને અપ્રમાણુતા નક્કી કરવા માટે જે જૂદી જૂદી થીયરીઓ પ્રચલિત છે, તેની સમાલોચના કરવામાં આવી. જૈન દર્શનને આ થીયરીઓ કેટલે અંશે સંગત છે તે પણ જોવામાં આવ્યું. ઉપર પ્રમાણે જ્ઞાનપ્રામાણ્યવાદનો આખો સવાલ નવીન દૃષ્ટિએ વિચારવામાં આવ્યો છે. જૈન દર્શનની માન્યતા કેટલે દરજ્જે અન્ય દર્શનો અને પૌર્વાત્યવાદોને સંગત છે, જૈન દર્શનમાં પણ જ્ઞાન પ્રામાણ્યવાદનો જૂદા જૂદા આચાર્યોએ કેવી કેવી જૂદી જૂદી દૃષ્ટિથી વિચાર કર્યો છે, જૈન દર્શનની મૂલભૂત તત્ત્વદૃષ્ટિએ કઇ થીયરી બંધબેસતી છે વિગેરે સવાલોની ચર્ચા અમે અમારા ક્ષયોપશમ પ્રમાણે કરેલ છે. આવી બાબતમાં અભિપ્રાયભેદ હોવા સંભવ છે. આપણા સમાજના વિદ્વાન આચાર્ય મહારાજાઓ અને વિદ્વાન ગૃહસ્થો આ ચર્ચાને અંગે કાંઇ નવો પ્રકાશ પાડશે તો જ્ઞાન જેવા ગહન વિષયમાં વધારે અજવાળું પડશે અને અમારી માન્યતામાં પણ જે સમજફેર થયેલ હોય તો સુધારવા અમને તક મળશે.

જ્ઞાનમીમાંસાને અંગે કુલ સાત લેખો આ માસિકમાં આપવામાં આવ્યા છે. સને ૧૯૪૯ ના વૈશાખ, જ્યેષ્ટ, આષાઢ અને શ્રાવણમાં ચાર લેખો અને બાકીના ત્રણ સને ૧૯૫૦ ના ફાગણ, વૈશાખ અને જ્યેષ્ટ મહિનામાં આપેલ છે. તેમાં જ્ઞાનનું સ્વરૂપ, જ્ઞાનની ઉત્પત્તિને અંગે જૂદા જૂદા વાદો, જ્ઞાનના જૂદા જૂદા પ્રકારો કેવળજ્ઞાન અને સંવ્યવહારિક પ્રત્યક્ષ જ્ઞાન, તથા જ્ઞાનની પ્રમાણુતા નક્કી કરવાની જૂદી જૂદી થીયરીઓનું વિવેચન કરવામાં આવેલ છે. વાંચકબંધુઓ બધા લેખો સાથે વાંચશે તો વિષય ઉપર વધારે પ્રકાશ પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્મપ્રકૃતિ

લેખક—આચાર્ય મહારાજ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

વિકૃતિસ્વરૂપ સંસારનું મૂળ બે પ્રકૃતિઓ છે. એક જીવપ્રકૃતિ અને બીજી અજીવ-પ્રકૃતિ. અથવા તો આત્મપ્રકૃતિ અને કર્મપ્રકૃતિ. આત્મપ્રકૃતિ અવિકૃત સ્વરૂપ અને ચેતન છે ત્યારે કર્મપ્રકૃતિ વિકૃત સ્વરૂપ અને અચેતન છે. આત્માની જ્ઞાન સ્વરૂપ પ્રકૃતિ નિરંતર અવિકૃત રહે છે. અને કર્મનો અનાદિ કાળથી આત્માની સાથે સંબંધ હોવાથી કર્મના અનેક પ્રકારના વિકારોનો આત્મામાં આરોપ કરવામાં આવે છે. તેથી કર્મના વિકારો હોવા છતાં પણ વ્યવહાર દૃષ્ટિથી આત્માના કહેવાય છે. કર્મ બનવા લાયક પુદ્ગલ સ્કંધોમાં કર્મપણે પરિણમેલા કર્મની અનેક પ્રકૃતિઓમાંની એકેય પ્રકૃતિ હોતી નથી. પણ આત્મા જ્યારે તે પુદ્ગલસમૂહને પૂર્વસંચિત કર્મદ્વારા ગ્રહણ કરીને કર્મપણે પરિણમાવે છે ત્યારે તે પુદ્ગલ સમુદાય ભિન્ન ભિન્ન પ્રકૃતિઓને ધારણ કરવાવાળો થાય છે. અને તે પૂર્વ પ્રકૃતિઓની સંખ્યામાં પરિણમે છે. પણ ન્યૂનાધિક કે પૂર્વ પ્રકૃતિઓથી ભિન્ન કોઈ નવીન પ્રકૃતિમાં પરિણમતો નથી. નવીન ગ્રહણ કરાતા પુદ્ગલો પૂર્વની પ્રકૃતિઓમાં ભળી જઈને તદાકાર થઈ જાય છે. ત્યારે તે કર્મનું કાર્ય કરવાને સમર્થ થાય છે. જે પ્રકૃતિવાળા કર્મમાં ભળે છે તેજ પ્રકૃતિવાળાં બનીને તેનું કાર્ય કરે છે.

કર્મની પ્રકૃતિ એટલે સ્વભાવ અને તેનું કાર્ય સકર્મક આત્માના ગુણોને ઢાંકવાનું છે. અર્થાત્ અનાદિથી જે પ્રકૃતિએ આત્માનો જે ગુણ ઢાંકેલો હોય છે તેને જ તે પ્રકૃતિમાં ભળીને નવું બનેલું કર્મ ઢાંકે છે. જ્યારે પૂર્વનું કર્મ, સ્થિતિ તથા રસ પૂર્ણ થવાથી જીર્ણ થઈને ખસી જાય છે—ખરી પડે છે ત્યારે નવીન કર્મ તેનું કાર્ય કરે છે. આ પ્રમાણે અનાદિકાળથી ચાલ્યું આવે છે તેથી કર્મને પ્રવાહથી અનાદિ માન્યાં છે. તાત્પર્ય કે પ્રથમના કર્મની સ્થિતિ (આત્મિક ગુણોને ઢાંકવાનો કાળ) પૂરી થાય છે ત્યારે તે પ્રકૃતિમાં રહેલો રસ સૂકાઈ જવાથી આત્મિક ગુણ ઢાંકવાને શક્તિહીન બનેલાં પુદ્ગલ સ્કંધો કર્મપરિણામના અભાવે આત્મપ્રદેશમાંથી નિર્જરી જાય છે—છૂટાં પડી જાય છે ત્યારે કર્મપણે પરિણમેલાં તેવી જ પ્રકૃતિવાળા નવાં કર્મો તે જ આત્મિક ગુણોને ઢાંકી દે છે. તેથી તે ગુણ દબાયેલો જ રહે છે. પ્રગટ થઈ શકતો નથી. પણ જ્યારે આત્માએ નવીન પુદ્ગલો ગ્રહણ કરીને પૂર્વ પ્રકૃતિસ્વરૂપ પરિણમાવ્યાં ન હોય અને પૂર્વ પ્રકૃતિની સ્થિતિ પૂર્ણ થવાથી કર્મ પરિણામ નષ્ટ થઈને આત્મપ્રદેશ ઉપરથી ખરી પડી હોય તો તે પ્રકૃતિથી દબાયલો જ આત્મિક ગુણ પ્રકટ થાય છે તે પાછો ઢંકાતો નથી, કારણ કે ગુણઘાતક—આવારક પ્રકૃતિ આત્માએ નવીન પુદ્ગલો લઈને બનાવેલી હોતી નથી. અર્થાત્ પૂર્વ પ્રકૃતિની સત્તામાં—વિદ્યમાનપણામાં નવીન પુદ્ગલો તેમાં ભેળવીને સ્થિતિ, રસ તથા પુદ્ગલોમાં વૃદ્ધિ કરેલી હોતી નથી. તેથી પૂર્વની પ્રકૃતિ ક્ષય થઈ ગયા પછી નવીન પુદ્ગલો લઈને તેવી પ્રકૃતિ બનાવી શકાય નહિ. પૂર્વ પ્રકૃતિની હયાતિમાં જ તેમાં નવીન પુદ્ગલો ભેળવીને પ્રકૃતિના કાર્યને ટકાવી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખવામાં આવે છે. આવી નિર્મૂળ ક્ષય) થયેલી પ્રકૃતિથી પ્રગટ થયેલો આત્મિક ગુણ ક્ષાયિક ભાવનો કહેવાય છે. ભાવો છ પ્રકારના છે. કર્મપ્રકૃતિને આશ્રયીને મુખ્ય-પણે ચાર ભાવો વપરાય છે. ક્ષાયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ઔદયિક. જેમકે લાકડાં તથા કોલસા અગ્નિ નથી હોતા પણ તેમાં અગ્નિ બનવાની યોગ્યતા હોય છે તેથી તેને સળગતી અગ્નિમાં નાખવામાં આવે તો તે અગ્નિરૂપે પરિણમીને દાહક-વસ્તુને બાળવાની પ્રકૃતિવાળાં બને છે, એ પ્રકૃતિ વિકૃત સ્વરૂપ છે-તેથી તે વસ્તુ-ઓના રૂપને વિકૃત બનાવે છે. દેવતા સળગતો જ્વાળારૂપે હોય કે અંગારરૂપે હોય તો જ લાકડાં આદિ તેની સાથે ભળીને દેવતાપણે પરિણમે છે, પણ અગ્નિ હોલવાઇને રક્ષાના રૂપમાં પરિણમ્યો હોય અથવા તો રાખોડીથી ઢંકાયેલો હોય ત્યારે લાકડા આદિ સંસર્ગમાં આવવા છતાંપણ અગ્નિરૂપે પરિણમતાં નથી; અહીં સળગતા અગ્નિની જેમ કર્મપ્રકૃતિનો ઔદયિક ભાવ જાણવો; ભારેલો અગ્નિ ઉપશમ ભાવ અને રાખોડી થઈ ગયેલો ક્ષાયિક ભાવ કર્મ પ્રકૃતિનો હોઇ શકે છે અર્થાત્ જેમ સળગતો અગ્નિ લાકડાં આદિને દાહક પ્રકૃતિવાળાં બનાવી શકે છે પણ ભારેલો તથા રાખોડી થઈ ગયેલો અગ્નિરૂપે પરિણમાવીને દાહક શકિતવાળાં બનાવી શકતો નથી, તેવી જ રીતે કર્મ બનવા લાયક પુદ્ગલ સ્કંધોને ઔદયિક ભાવના કર્મપ્રકૃતિ કર્મપણે પરિણમાવીને આત્મિકગુણ આવારક પ્રકૃતિવાળાં બનાવી શકે છે, પણ ઔપશમિક ભાવની કે ક્ષાયિક ભાવને પામેલી કર્મપ્રકૃતિ નવીન પુદ્ગલ સ્કંધોને કર્મપણે પરિણમાવીને ગુણઘાતક-આવારક પ્રકૃતિવાળાં બનાવી શકે નહિ.

કર્મની મુખ્યપણે આઠ પ્રકૃતિઓ છે. તેની ગૌણપણે અનેક પ્રકૃતિઓ બને છે છતાં મુખ્ય આઠ પ્રકૃતિઓમાંથી ચાર જ પ્રકૃતિઓ એવી છે કે જે આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણોને ઢાંકી શકે છે-ઘાત કરી શકે છે. તેથી તે ચારે ઘાતી કહેવાય છે. આ ચારમાં પણ ફકત મોહનીય કર્મની પ્રકૃતિ જ પ્રધાન ગણાય છે. બીજી જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય આ ત્રણ પ્રકૃતિઓ મોહનીયની પ્રકૃતિ ઉપર આધાર રાખે છે. મોહનીયના ક્ષયની સાથે જ ત્રણેનો ક્ષય થાય છે, જેથી આત્માના જ્ઞાનાદિ ગુણોનો સંપૂર્ણપણે વિકાસ થાય છે. ઉપર જે પ્રકૃતિનું વર્ણન કરવામાં આવ્યું છે અને ક્ષાયિક, ઔપશમિક ભાવ જણાવ્યા છે તે મોહનીયની પ્રકૃતિને આશ્રયીને છે. પુદ્ગલ સ્કંધોનું કર્મપણે પરિણમીને ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા બનવું તે બધુંયે મોહનીય પ્રકૃતિને લઇને જ છે. તે જ્યારે મોહનીય પ્રકૃતિનો સર્વથા ક્ષય થઇ જાય છે ત્યારે બીજા બધાય કર્મોની પ્રકૃતિઓ ક્ષય થઇ જાય છે અને નવીન બનતી નથી તેથી આત્મા સંપૂર્ણ કર્મથી મુકાઇને અશરીરી બને છે. પછી તે સિદ્ધ ભગવાન તરીકે ઓળખાય છે.

અનાદિ સંસારનું મૂળ રાગ-દ્વેષ બન્ને મોહનીય કર્મના જ અંશો ( પ્રકૃતિઓ ) છે. એમ તો મોહનીય કર્મના અઠાવીશ અંશો છે અને તે દર્શનમોહ તથા ચારિત્રમોહરૂપ મુખ્ય બે અંશોના જ વિભાગો છે, છતાં તે બધાયનો રાગ-દ્વેષમાં સમાવેશ થઇ જાય છે. દર્શનમોહ આત્માની નિર્મળ જ્ઞાનદૃષ્ટિને ઝાંખી બનાવી દે છે જેથી આંખે ઝાંખું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાળનાર માણસ જેમ કૂતરાને બકરું અને ગાયને ગધેડું વિપરીત જુએ છે તેમ દર્શન મોહના આવરણવાળો વસ્તુને અવસ્તુ અને અવસ્તુને વસ્તુ, દેહને આત્મા અને દુઃખને સુખ જાણતો હોવાથી તે અજ્ઞાની કહેવાય છે. ચારિત્રમોહથી અવળી પ્રવૃતિ આદરીને પણ આનંદ માને છે. તાત્પર્ય કે દર્શનમોહથી ખોટું જાણે છે–સમજે છે અને શ્રધ્ધે છે, ચારિત્ર મોહથી ખોટું આદરે છે, ખોટું મેળવીને ખોટી ખુશી મનાવે છે. દર્શનમોહ આત્માના સાચા જ્ઞાનને વિપરીત બનાવે છે અને ચારિત્ર મોહ સાચી આચરણાને વિપરીત બનાવે છે. આખું ય મોહનીય કર્મ અજ્ઞાનમૂળક હોવાથી તેના કાર્યરૂપ સુખ–શાંતિ આનંદ આદિ અજ્ઞાનસ્વરૂપ છે તેથી તે સર્વથા અગ્રાહ્ય છે કારણ કે તે અતાત્વિક છે. મોહના અઠાવીશ અંશો( પ્રકૃતિઓ )ના ઓળા આત્મામાં પડે છે તેથી બધાયનો અનુભવ સકર્મક આત્માને થાય છે અર્થાત્ બધાય વિકારોને આત્મા પોતાના માને છે. હર્ષ, શોક, આનંદ, શાંતિ, સુખ, ઉદ્વેગ, ચિંતા, હાસ્ય, ભય, ક્રોધ, માન, ઉન્માદ આદિ વિકારોને આપણે આત્મામાં જોઇ શકીએ છીએ. સ્નેહ, શત્રુતા તથા મિત્રતા આદિ વિકૃતિઓ પણ મોહની જ છે. મોહકર્મપણે પરિણમેલા પુદ્ગલ સ્કંધોના જ વિકારો છે. બાહ્ય નિમિત્ત મળતાં હર્ષના પુદ્ગલો શોકપણે અને શોકના હર્ષપણે, રાગના દ્વેષપણે અને દ્વેષના રાગપણે પરિણમે છે. આ પ્રમાણે દર્શનમોહ મૂળક બધીય વિકૃતિઓ થાય છે. અર્થાત્ અઠાવીશ અંશો મોહની વિકૃતિઓ છે કે જેને પ્રકૃતિઓના સંકેતથી ઓળખવામાં આવે છે. મૂળ પ્રકૃતિ મોહ છે અને ઉત્તરપ્રકૃતિ (મૂળ પ્રકૃતિના જ વિકારો) દર્શનમોહ, કષાય, તથા નોકષાયરૂપ અઠ્ઠાવીશ છે. મૂળ પ્રકૃતિ મોહ કાયમ રહેવા છતાં પણ ઉત્તરપ્રકૃતિઓમાં ક્ષય, ઉપશમ તથા ક્ષયોપશમ થાય છે. મોહમાં થવાવાળી વિકૃતિઓમાંથી જેટલી વિકૃતિઓની ઉત્પત્તિ સર્વથા નષ્ટ થઇ ગઇ હોય તેટલી પ્રકૃતિઓનો ક્ષય થયો કહેવાય છે અને પ્રગટ અથવા અપ્રગટ જેટલી વિકૃતિઓ જેટલા સમય માટે થતી નથી અર્થાત્ પ્રકૃતિનો ઉદય અટકી જાય છે તેને ઉપશમ કહેવામાં આવે છે અને જે વિકૃતિ પ્રગટ(વિપાક ઉદય)પણે અમુક કાળસુધી ન થાય પણ અપ્રગટ(પ્રદેશ ઉદય)પણે થયા કરતી હોય તેને ક્ષયોપશમ કહેવામાં આવે છે. તાત્પર્ય કે ઉપશમ તથા ક્ષયોપશમમાં વિપાક ઉદયનો ક્ષય તો સરખો જ છે. પ્રગટપણે વિકૃતિ થતી નથી પણ અપ્રગટ(પ્રદેશ ઉદય)પણે વિકૃતિ થતી હોય તે ક્ષયોપશમ અને પ્રદેશ ઉદય થતો અટકી જાય તે ઉપશમ કહેવાય છે. આ ક્ષય, ઉપશમ તથા ક્ષયોપશમ મોહની ભિન્ન ભિન્ન પ્રકૃતિઓનો થાય છે છતાં તે મોહનો કહેવાય છે. જો કે આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ અવિકૃત સ્વરૂપ શુદ્ધ પ્રકૃતિનું આવારક ( ઢાંકવાવાળું ) સામાન્યપણે મોહનીય કહેવાય છે છતાં તે મોહની ભિન્ન ભિન્ન પ્રકૃતિઓથી અવરાય ( ઢંકાય છે ) જ્યારે જે જે વિકૃતિસ્વરૂપ પ્રકૃતિ સર્વથા ક્ષય થાય છે ત્યારે તે તે પ્રકૃતિથી ઢંકાયેલો આત્માનો ગુણ પ્રગટ થાય છે પણ વિકૃતિ સર્વથા નષ્ટ ન થતાં–ક્ષય ન થતાં અમુક ટાઇમ સુધી થતી અટકી જાય છે–ઉપશમી જાય છે ત્યારે આત્માનો ગુણ કાંઇક પ્રગટે છે અને કાળ પૂરો થતાં પાછી થવા માંડે છે–પ્રકૃતિનો ઉદય થાય છે ત્યારે તે ગુણ પાછો ઢંકાઇ જાય છે. તેને ઉપશમ કહેવામાં આવે છે. જેમકે કોઇ માણસને અનેક વિકૃતિ–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળો રોગ થાય છે ત્યારે તેની ખાવું-પીવું, બોલવું, ચાલવું, વાંચવું, વિચારવું આદિ શક્તિઓ ઢંકાઇ જવાથી કાંઇપણ કરી શકતો નથી. પથારીવશ થઇ જાય છે. પછી જ્યારે તેની ઝાડા, ઉલટી, તાવ; ખાંશી આદિ વિકૃતિઓમાંથી જે જે વિકૃતિ નષ્ટ થાય છે ત્યારે તે તે વિકૃતિથી દબાયેલી શક્તિ પ્રગટ થવાથી તે શક્તિ સાધ્ય કાર્ય કરી શકે છે, ઝાડા બંધ થવાથી શાંતિથી બેસી શકે છે, તાવ કે ખાંશી ન હોવાથી વાતચીત કરી શકે છે, કાંઇક હરી ફરી શકે છે. વિકાર સર્વથા નષ્ટ ન થતાં દબાઇ જાય તો જ્યાંસુધી તે દબાયેલો રહે ત્યાંસુધી તે કાંઇક કરી શકે પણ વિકાર પ્રગટ થાય એટલે હતો તેવો થઇ જાય છે. જેમકે તાવ ખૂબ આવ્યો હોય તો તે પથારીવશ થાય છે અને બેશુદ્ધ જેવો પણ થાય છે પરંતુ તાવ ઉતરી જાય એટલે હરે છે, ફરે છે અને શુદ્ધિ મેળવે છે. પણ પાછો તાવ ચડતાં પથારીવશ થાય છે. બધા ય વિકારો નષ્ટ થઇ જાય, એક પણ ન રહે ત્યારે જ તે માણસ નિરોગી થયો કહેવાય. પણ જ્યાંસુધી એક પણ વિકૃતિ રહે ત્યાંસુધી માણસ રોગી હોવાથી નિરોગીપણાનુ કાર્ય કરી શકતો નથી, આવી જ રીતે મોહની બધી ય વિકૃતિ નષ્ટ થવા છતાં પણ એક જ લોભરૂપ પ્રકૃતિ રહે ત્યાંસુધી મોહમુક્ત આત્મા ન થવાથી કેવળજ્ઞાન ગુણ ઢંકાયેલો જ રહે છે. તેથી આત્મા સંપૂર્ણ વિકાસ મેળવી શકતો નથી કારણકે પુદ્ગલ સ્કંધોમાં રહેલો મૂળ પ્રકૃતિરૂપ મોહનીય કર્મનો પરિણામ નષ્ટ થયો નથી. પુદ્ગલ પરમાણુઓના સમુદાયરૂપ સ્કંધોના બનેલા હોવાથી કર્મ માત્ર વિકૃતિસ્વરૂપ છે અને તેથી તેમાં પ્રત્યેક ક્ષણે નવા પરમાણુસ્કંધોનું ભળવું અને જૂનાનું વિછડવું થયા જ કરે છે. નિરંતર એક પ્રકૃતિવાળાં રહેતાં નથી. ભિન્ન ભિન્ન વર્ણ-ગંધ-રસ-સ્પર્શ તથા આકૃતિવાળાં બનવાથી વિકૃતિ ભાવને પામે છે. એમ તો પૂરાવું તથા ગળવું પુદ્ગલોની સ્વતંત્ર પ્રકૃતિ છે અને તે પ્રમાણે પુદ્ગલ માત્રમાં સ્વભાવથી થયા જ કરે છે છતાં તે બધાય પુદ્ગલ સ્કંધો કર્મ કહેવાતાં નથી. પણ સામાન્યપણે સ્કંધ-દેશ-પ્રદેશ તથા પરમાણુ તરીકે ઓળખાય છે, તેમાંથી જ્યારે સકર્મક આત્મા કર્મ બનવા લાયક સ્કંધોને પ્રાચીન કર્મદ્વારા ગ્રહણ કરે છે ત્યારે જ તે કર્મપરિણામને પામીને આત્માના ગુણોને ઢાંકી શકે છે. પણ આત્માએ ગ્રહણ કર્યા સિવાય આત્મસંબદ્ધ કર્મ બનવા લાયક પુદ્ગલ સ્કંધો આત્માને અનુગ્રહ કે ઉપઘાત કરી શકતા નથી. તાત્પર્ય કે સ્વતંત્રપણે આત્માની સાથે સંબંધ ધરાવનારાં પુદ્ગલ સ્કંધો-પછી તે કર્મપણે પરિણમીને કર્મનું કાર્ય કેમ ન કરી શકતાં હોય-આત્માના ગુણોને આવરી શકે નહિ. અર્થાત્ કર્મ બનવા લાયક પુદ્ગલ સ્કંધો ( કાર્મણવર્ગણા ) લોકમાં વ્યાપ્ત થઇને રહેલા છે. કારણ કે અંજનથી ભરેલા ડાબડાના જેમ ચૌદ રાજલોક જીવોથી ભરેલો છે, જ્યાં સિદ્ધાત્મા-શુદ્ધાત્મા જીવોની સ્થિતિ છે ત્યાંપણ સૂક્ષ્મ નિગોદ જીવો વ્યાપીને રહેલા છે. સકર્મક જીવમાત્ર પ્રત્યેક સમયે સાત કર્મ બાંધે છે એટલે કર્મ બનવા યોગ્ય સ્કંધો ( કાર્મણવર્ગણા ) પણ ત્યાં હોય જ છે. તેથી સિદ્ધાત્માના પ્રદેશોને કાર્મણવર્ગણા સ્પર્શીને રહેલી હોવા છતાં પણ સિદ્ધો-શુદ્ધાત્મા નિષ્કર્મ હોવાથી તેને ગ્રહણ કરીને કર્મપણે પરિણમાવી શકતા નથી એટલે તેને અપનાવી શકતા નથી તેથી તે કર્મપણે ન પરિણમવાથી આત્મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રદેશોને આવરવાને અસમર્થ હોય છે. પણ તેને જ્યારે સકર્મક આત્મા અપનાવે છે ત્યારે જ તે આત્માના પ્રદેશો સાથે જોડાઇને ગુણોના ઘાતક બની શકે છે. જેમ માણુસ પૈસાથી પૈસો કમાઈને તેનો ભોકતા બની શકે છે તેમ આત્મા કર્મથી કર્મ મેળવીને તેનો ભોકતા બને છે. કર્મનું ભોકતા બનવું એટલે સ્વશક્તિહીન બનીને પર–પૌદ્‌ગલિક શક્તિથી પરતંત્રપણે પોતાનો નિર્વાહ કરવો, પરવસ્તુથી પોતાની હયાતી ટકાવી રાખી ઓળખાણુ કરાવવી. પૈસા વગરનો માણુસ પૈસા મેળવી શકે નહિ પણ શ્રીમંતો તથા ધન સંપત્તિના સંસર્ગમાં આવીને તે બધાયનો જ્ઞાતા બની શકે છે તોય તે ધન પોતાનું ન હોવાથી તેને વાપરીને તેનું ફળ પોતે મેળવી શકતો નથી, તેવી જ રીતે નિષ્કર્મ આત્મા સકર્મક આત્માઓ તથા કર્મ અને કર્મ બનવા લાયક પુદ્‌ગલ સ્કંધોના સંસર્ગમાં આવીને તેનો જ્ઞાતા બની શકે છે પણુ કર્મનો ભોકતા બની શકતો નથી. કારણુ કે કર્મ રહિત હોવાથી કર્મ મેળવી શકે નહિ તેથી તેનો ભોકતા પણુ બની શકે નહિ. અર્થાત્ નિષ્કર્મ આત્મા જ્ઞાતા-પણે પુદ્‌ગલ માત્રની સાથે સંબંધ ધરાવે છે, પણુ ભોકતાપણે સંબંધ ધરાવતો નથી; કારણુ કે પુદ્‌ગલ સ્કંધો ગ્રહણ કરીને કર્મપણે પરિણમવાના સાધનભૂત કર્મોથી મુકત હોય છે. અને તેથી જ તે પોતાના જ્ઞાતૃત્વ સ્વભાવથી જ્ઞેય માત્રનો જ્ઞાતા બની શકે પણુ ભોકતા થઇ શકે નહિ. સંસારની વસ્તુમાત્રને જાણુવાને આત્મા સ્વતંત્ર છે. કર્મ સિવાય કોઇપણુ રોકી શકતું નથી. અર્થાત્ આત્મા પોતાની જ્ઞાનશકિતથી વસ્તુ માત્રનો સ્વતંત્રપણે જ્ઞાતા બની શકે છે અને કર્મના કાર્યરૂપ દેહાદિદ્વારા પર પૌદ્‌ગલિક શકિતથી પૌદ્‌ગલિક વસ્તુઓનો ભોકતા બને છે. જેમ માણુસ પારકી ધન–સંપતિ, બાગબંગલા, સ્ત્રી આદિ વસ્તુઓને જાણુવાને માટે સ્વતંત્ર છે, તેના સ્વામીની પરવાનગી લેવાની જરૂરત પડતી નથી, પણુ તે વસ્તુઓ ભોગવવામાં પરતંત્ર છે. સ્વામીની રજા સિવાય વાપરી શકે નહિ તેવી જ રીતે આત્મા પણુ પૌદ્‌ગલિક વસ્તુ જાણુવાને સ્વતંત્ર છે, પણુ ભોગવવાને પરતંત્ર છે. પુન્ય કર્મની સહાયતાથી દેહદ્વારા ભોગવી શકે છે.

સકર્મક આત્મા પૂર્વસંચિત કર્મદ્વારા નવાં પુદ્‌ગલ સ્કંધો ભેગાં કરીને. તેને પુષ્ટ બનાવે છે. અર્થાત્ જૂનાની સાથે નવાં ભેળવતો જાય છે તેથી તે ખાલી થતાં નથી પણુ કાયમ બન્યાં કરે છે. જેમ માણુસ તીજોરીમાંથી પૈસા કાઢીને વાપરે છે અને વ્યાપાર પણુ કરે છે. વાપરવાથી પૈસા ઓછા થાય છે પણુ વ્યાપાર સારી રીતે ચાલતો હોવાથી વાપરવામાં જેટલા ઓછા થાય છે તેનાથી અનેક ગણુાની આવક હોવાથી તીજોરી ખાલી થતી નથી, સારી રીતે ભરેલી રહે છે તેમ સત્તાની તીજોરીમાંથી કર્મો ખરચાય છે–ભોગવાય છે. પણુ સાથે ને સાથે ધંધો ધમધોકાર ચાલવાથી પુષ્કળ કર્મોની આવકને લઇને સત્તાની તીજોરી ખાલી થતી નથી. સંસારમાં કર્મ સિવાય પૌદ્‌ગલિક વસ્તુમાત્રનો દેહની સાથે સંબંધ છે પણુ આત્માની સાથે નથી. આત્માની સાથે કર્મનો સંબંધ અનાદિથી છે. કર્મ તથા અન્ય પૌદ્‌ગલિક વસ્તુઓનો પરસ્પર કાર્ય–કારણભાવ સંબંધ છે. કર્મથી પૌદ્‌ગલિક વસ્તુઓનો ભોગ અને પૌદ્‌ગલિક ભોગથી કર્મની પરંપરાનો અનાદિ પ્રવાહ ચાલ્યો આવે છે તેથી પ્રવાહનું મૂળ નથી. તાત્પર્ય કે–કર્મથી શરીર અને શરીરથી કર્મ જેમ વૃક્ષનું કારણુ બીજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભકિતની દીપ્તિ.

(લેખકઃ–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ–માલેગામ.)

આત્માની ઉન્નતિ અને અંતે મોક્ષસાધનમાં ભકિતનું સ્થાન અત્યંત ઊંચું છે. એનું અર્થાત્ ભક્તિનું તેજ કેટલું છે અને ભક્તિનું લક્ષણ કેવું હોઇ શકે એ વિષયપરત્વે અત્રે થોડું વિવેચન આપણે કરીશું.

ભકત પોતાની ભકિતનું સ્થાન નક્કી કરી લે છે. અને તેમ કરતા તેના સાધ્યબિંદુ શિવાયના બધા વિષયો તેને માટે નકામા થઇ ગએલા હોય છે. અન્ય ઉપર તેને પ્રેમ કે ભકિત ઉત્પન્ન થતી નથી. ગમે તેટલા વિલોભનો તેની સામે ઊભા કરવામાં આવેલા હોય અગર ગમે તેટલા મહાન સંકટો તેની સામે બિહામણા રૂપમાં ઊભા કરવામાં આવે તો પણ તે પોતાના સાધ્યબિંદુ પાસેથી અંશતઃ પણ ચલાયમાન થતો નથી. છેવટ પોતાના પ્રાણ અર્પણ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છતાં એ પોતે કૃતનિશ્ચય અને અડગ હોય છે. પોતાનો નિશ્ચય અત્યંત ચિવટ અને અનન્ય હોવાને લીધે બીજા કોઈ સ્થાન માટે તેને ઇચ્છા પણ પ્રગટતી નથી. પ્રેમ કે ભકિત જાગતી નથી. પોતાના ભકિતના વિષય માટે તે મરી ફીટવાને કટિબદ્ધ હોય છે. તેમાં એને કઠણ જેવું કાંઈ હોય એમ લાગતું પણ નથી. એને જ અનન્ય ભક્તિનું બિરુદ આપવામાં આવે છે. એવી અનન્ય ભકિત પ્રાપ્ત કરી લેવા માટે જ આપણે પ્રયત્નશીલ રહેવું જોઇએ. ચાલચલાઉ કે સ્વાર્થરૂપી વિષમિશ્રિત ભકિત એ ભકિત નહીં પણ ભકિતનું વિડંબન જ ગણાય. બાહ્ય દેખાવ અને આચાર કરવામાં આપણે ગમે તેટલું શોભાયમાન દેખાય એવું કૃત્ય કરતાં હોઇએ પણ તેને સાચી ભકિતનું નામ શીરીતે આપી શકાય? ભક્તિ એ મનનો વિષય છે. મન ભકિતથી રંગાએલું હોય અને બાહ્ય ક્રિયા તેનો ફકત આવિષ્કાર હોય તો જ તે સાચી ભકિત એટલે આકૃતિ હોય અને તેમાં પ્રાણ પણ હોય તો જ તે કાર્યસાધક ગણાય. એકલું કલેવર હોય અને તેમાં જીવ જેવું કાંઇ ન હોય ત્યારે તેનો શો ઉપયોગ? એમ જ ભકિતનો એકલો દેખાવ હોય પણ એમાં મનપૂર્વકની શ્રદ્ધા અને અનન્યતા સાથે સ્વત્વની સ્નિગ્ધતા ન હોય ત્યારે તે ભકિત પ્રાણહીન કલેવર જેવી થઇ જાય છે. અર્થાત્ તેમાં ભકતના ગુણો ઉત્પન્ન થતા નથી અને ભકિતનો લ્હાવો પણ મળતો નથી. ત્યારે ભકિતનો લ્હાવો મેળવવા માટે સાચા ભકત બનવું હોય તો પોતાનું સર્વસ્વ અર્પણ કરવા માટે સાધકે તૈયાર થઇ જવું જોઇએ.

એવી ભક્તિનું તેજ અત્યંત પ્રખર તેમજ સુંદર, તેજસ્વી તેમજ શીતલ હોય છે.

---

અને બીજનું કારણ વૃક્ષ બને છે તેમ કર્મનું કારણ શરીર અને શરીરનું કારણ કર્મ બને છે. વૃક્ષનું શરીર હોય છે અને તેનાથી થવાવાળાં બીજમાં તેનો અંશ હોવાથી તે પણ શરીર છે. બીજ કારણ શરીર અને વૃક્ષ કાર્ય શરીર કહેવાય છે. તેમ ઔદારિક શરીર આદિથી થવાવાળાં કર્મ પણ શરીર કહેવાય ને અને તેને કારણ શરીર કહેવામાં આવે છે; કારણ કે તે સંસારનું મૂળ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તે સાધ્ય થવા પહેલાની શરતો પૂરી કરવી જેવી તેવી વાત નથી. એટલા માટે પ્રભુભક્તિ અને પ્રભુસેવા તરવારની ધાર જેવી તીક્ષ્ણ હોય છે એવી જ્ઞાનીઓ કહે છે. આપણે પ્રભુમૂર્તિ આગળ બેસી બે ચાર સંતપુરુષોના બનાવેલા સૂકતો બોલી જઇએ અને તેને ભક્તિનું નામ આપીએ એ પૂરતું નથી. એવા સૂકતો ઉચ્ચારવા અને તે પણ તેનો ભાવ સમજીને ઉચ્ચારવા તેમજ પોતાની જાતને તેમાં પરોવી પોતે શું કહે છે અને કોની આગળ કહે છે અને તે પણ તેના સાચા રૂપમાં ભાખે છે કે ઉપલક શબ્દોચ્ચાર જેટલો જ તેમાં સામેલ થાય છે તેનો પૂરો વિચાર કરવાની જરૂર છે. દાખલા તરીકે આપણે સ્તુતિમાં કહેલું હોય કે હું મૂર્ખ છું, અજ્ઞાની છું, લોભી છું, વાસનાઓની ભરેલો છું એમ આપણે બોલી જઇએ અને તે જાણે આપણા પોતાના જ વિચારો છે એમ સમજી કોઇએ સાંભળેલ ભોળો માણસ આપણને તેવા જ વિશેષણો આપી બોલાવે ત્યારે આપણે તે માણસ સાથે કેવું વર્તન કરીએ એનો વિચાર કરતાં આપણી આંખો તરત જ ખુલ્લી જશે. આપણે ફક્ત મોઢે ઉચ્ચાર કરવા જેટલો જ તે શબ્દો સાથે સંબધ ધરાવીએ છીએ. તે શબ્દો તેના સાચા સ્વરૂપમાં આપણે બોલ્યા જ નથી. એમ જ્યારે અનુભવ મળે છે ત્યારે એ આત્મવંચના માટે આપણને આપણો જ તિરસ્કાર છૂટે છે. એ અનુભવ તેના સાચા રૂપમાં પ્રગટ થાય એ જ સાચી ભક્તિનો આરંભ કાલ ગણાય. ત્યાં સુધી કરેલી આપણી બધી ભક્તિ કેવળ દંભમય જ હતી એવો આપણને અનુભવ થતાં આપણી પામરતા અને ભકિતની કઠીનતા જોવામાં આવે છે. આપણે મનમાં એક વિચાર કરીએ, વચનમાં બીજા પ્રકારનો ઉચ્ચાર કરીએ પણ કૃતિમાં ત્રીજી જ વસ્તુ કરીએ એ પદ્ધતિ ભકિતની તદ્દન નાશ કરનારી છે. ભકિતની પહેલી શરત એકતાનતા એ જ હોઇ શકે. ધનુષ્ય બાણુ ચલાવનારની આંખ સામે જયારે બાણુનો અગ્રભાગ અને લક્ષ્યબિંદુ એકરૂપ થઇ જાય છે ત્યારે જ તે વેધ સાધ્ય થાય છે. તેમાં જરા પણ વિસંગતી થઇ જાય છે ત્યારે બાણુ કાર્યસાધક નિવડતું નથી. એવી જ સ્થિતિ ભકિતની હોય છે. ભકત મનમાં જે વિચાર કરે તે જ બોલી બતાવે અને તેના આચરણમાં એનો એ જ ધ્વનિ જોવામાં આવે અને ત્યારે જ એ ભક્તની પંક્તિમાં આવી શકે. એ બનતું નથી ત્યાં સુધી આપણી ભકિત એક બાલિશ અને દંભી ભકિત જ ગણાય. એને ભકિત કહેવી તે પણ અજ્ઞાનજન્ય ઘટના છે. એક બાલક મંદિરમાં સ્તુતિનો શ્લોક મુખપાઠ હોવાથી બોલતો હતો. અને બોલતી વખતે પોતાની જોડે ઉભેલો છોકરો કેવા રંગના કપડા પહેરી આવેલો છે તે જોઇ રહ્યો હતો. ત્યારે બીજી તરફ એની નાની બેન ઊભી હતી તેનો પગ પોતાના પગેથી દબાવતો હતો અને એને રડાવતો હતો. એની જ દશા આપણી પોતાની કલ્પી લેતા આપણે કઇ કોટીમાં બેસી શકીએ છીએ એની આપણને કલ્પના આવી જશે.

મુકિત અથવા મોક્ષ એ કોઇ વસ્તુ વિશેષ નથી પણ એ એક અવસ્થા છે. દરેક ધર્મ-પ્રવર્તકો પોતપોતાના માર્ગે તે મેળવવા માટે પ્રયત્ન કરે છે. પણ સંસારના બધા કર્મથી મુકાવવું, સાચું કર્મના બંધન વગરનું સ્વરાજ્ય અગર સ્વાતંત્ર્ય મળવું અને બંધન રહિત થઇ જવું એ માર્ગ તેના સાચા રૂપમાં જેને મળે છે તે જ સાચો મુકિતનો અધિકારી થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવળ એકાંતતા, અભિનિવેશ કે આગ્રહ એ ભક્તિના માર્ગમાં અવરોધ કરનારા તત્ત્વો ગણાય. અન્ય લિંગે પણ સાચો ભક્ત સિદ્ધિ મેળવી શકે છે. ધન્ય છે પ્રભુ મહાવીરના શાસનની ઉદારતાને ! એમાં એકાંતને કે આગ્રહને સ્થાન જ નથી. જૈન શાસન તો નક્કર સત્ય જ સ્વીકારે છે. અસત્યની જરા પણ ગંધ તેમાં ચાલી શકતી નથી. ભગવાન ગૌતમ મહર્ષી ગણધર મહારાજાની બીજા ઉપર નહીં પણ સાક્ષાત્ પ્રભુ મહાવીર ઉપર ભક્તિ હતી. તેમનું વિશ્વાસસ્થાન એકાંત પ્રભુ મહાવીર જ હતું. બીજા કોઇમાં પણ એમને ભાવના નહીં હતી, એટલું જ નહી પણ એમનું જ્ઞાન, એમનો ઉપદેશ સાચા માર્ગ ભણી એટલો સચોટ હતો કે, તેમના ઉપદેશોના શિષ્યો કેવલજ્ઞાનીની પરિષદમાં જઇ વિરાજમાન થયા ત્યારે ગૌતમ મહર્ષી તેથી વંચિત જ રહ્યા હતા. એમનામાં શું ખામી હતી ? ભક્તિ સાચી હતી, જ્ઞાન સચોટ હતું અને માર્ગ અનન્ય હતો. પ્રભુને એમાં શું ખામી જણાઈ ? પ્રભુએ ઓળખી લીધું હતું કે, ગૌતમને મારા વ્યક્તિત્વ ઉપર મોહ છે. મારું શરીર એ જ એની ભક્તિનું નિશાન છે. વ્યક્તિ પુદ્ગલમય એ શરીર વિખેરાઇ જતા તેમાં રહેલ મહાન્ આત્મા જે આર્હત્ પદને મેળવવાનો ખરો અધિકારી છે એના ઉપર ભક્તિ હોવી જોઇએ તેના બદલે પુદ્ગલ ઉપર ભક્તિ હોવાથી તેને મોહ જાગૃત થશે. એ સાચી આત્મતત્વની ભાવનાને ઓળખી નહી શકે અને કદાચ મોહનીય કર્મ વધી પડશે એમ સાચો વિચાર કરી પરમ કારુણિક ભગવંતે પોતાનો અંતિમ દેહવિલયનો અવસર એની દૃષ્ટિ બહાર જ રહી જાય તે માટે પોતા પાસેથી ગૌતમઋષિને વેગળા કર્યા. અંતે જ્યારે ભગવંત નિર્વાણ પદને પામી ગયા ત્યારે જ ગૌતમઋષિવર્યને જણાયું છે કે શરીર એ સાચું ભક્તિનું સ્થાન નથી. મેં કર્યું એ ભૂલ હતી. જેના ઉપર ભક્તિ રાખવાની છે તે આત્મા અનાદિઅનંત છે. પ્રભુમાં રહેલ આર્હંત્ય અર્થાત્ તીર્થંકરપણું તેની જ મારે તો ભક્તિ કરવાની હતી. દેહની અર્થાત પુદ્ગલની નહીં. સાચું સ્વરૂપ પ્રગટ થતાં ભગવાન્ ગૌતમ ઇંદ્રભૂતિ પણ કેવળજ્ઞાની થયા. એટલા પણ સાચી ભક્તિની ખામી અવરોધરૂપ થાય છે એ વસ્તુ ધ્યાનમાં રાખી આપણે કોની ભક્તિ કરવાની છે તેની સાચી ખોજ કરી લેવા જોઇએ.

પ્રભુ મહાવીરની ભક્તિ કરવામાં અન્ય તીર્થંકરોની પણ ભક્તિ થઇ જ જાય છે અને બીજા કોઇ પણ તીર્થંકરની સેવામાં પ્રભુ મહાવીરની સેવા આવી જ જાય છે. ભક્તિ અને સેવામાં વ્યક્તિની મુખ્યતા નથી પણ અર્હત્વ અર્થાત્ તીર્થંકરત્વની મુખ્યતા હોય છે. તીર્થંકરની આપણે સેવા કરવાની છે. કારણ એ એક પદવી અને અવસ્થા છે. તીર્થંકર શબ્દમાં અતીત, વર્તમાન અને અનાગત બધી ચોવીશીઓમાં થઇ ગએલા અને થનારા તીર્થંકરોનો સમાવેશ થઈ જાય છે. તીર્થંકર થવા પહેલાના ચરિત્રમાં ફેર હોય, તીર્થંકરોના પ્રત્યક્ષ કાર્યોમાં પારિસ્થિતિ સાપેક્ષ ફેરફાર હોય પણ તીર્થંકરપણામાં ફેર હોતો નથી. અને તેથી જ તીર્થંકરની સેવામાં આપણી દૃષ્ટિ અત્યંત વિશાલ અને સર્વગ્રાહી હોવી જોઇએ. ભક્તિ તીર્થંકરની હોય, અન્યની નહીં. તેમાં વિભિન્નતા આપણે ભૂલવી જોઇએ. ગમે તે તીર્થંકર સાથે એકાત્મ ભાવનાથી મસ્તક નમવું જોઈએ કારણ તેમાં આખરે અભિન્નતા છે.

જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ એ જો કે મુક્તિના ત્રણે માર્ગો ગણાય પણ એકલું જ્ઞાન હોય, બધી જાતના વિષયોનું સાંગોપાંગ પૂરેપૂરું જ્ઞાન હોય પણ તેમાં ભક્તિની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્નિગ્ધતા ન હોય, અંતઃકરણનો વિનય, શ્રદ્ધા, વિશુદ્ધિ ન હોય તો તેવો જ્ઞાની એ એક જ્ઞાનની વખારરૂપ જ થઇ જાય. જ્ઞાન ખૂબ હોય છતાં ભાવ અને ભક્તિની નમ્રતા ન હોય ત્યારે તે વ્યર્થ જ ગણાય. જ્ઞાનની ગમે તેટલી મહત્તા હોય, જ્ઞાની શ્વાસોશ્વાસમાં કર્મનો નાશ કરી શકે પણ તેમાં ભક્તિ, સેવાની ભાવના હોય તો જ ! જ્ઞાનીનું દરેક પગલું ભક્તિની ચિકાસથી વાસિત હોવું જોઇએ. જ્ઞાની છતાં યદ્વાતદ્વા આચરણ કરે તો તે જ્ઞાન પણ અજ્ઞાન જ ગણાય છે. કર્મયોગી ગમે તેટલા અનુષ્ઠાનો તપશ્ચર્યા કરે તો પણ તેને ભક્તિ–સેવાની જોડ હોવી જ જોઇએ. ભકિત વગરનું તપ પણ કેવળ કષ્ટ જ થઇ જાય. મતલબ કે, બધી પરિસ્થિતિઓમાં ભકિતનો યોગ સધાય તો જ તે કાર્યક્ષમ નિવડવાનો, એટલે દરેક જ્ઞાન, ક્રિયા કે અનુષ્ઠાનમાં ભકિત એ અનુસ્યૂત હોવી જોઇએ. અને તે પણ અનન્ય હોવી જોઇએ. ભકિતનો વિષય આત્મસામર્થ્ય વિકસિત કરનારો હોવો જોઇએ. આત્માની શકિત અનંતી છે તે વધવા ઘટવાનો પ્રશ્ન જ નથી. તેની ઉપર કર્મના આવરણો આવી ગએલા છે તે દૂર કરી એ અનંત શકિતનો વિકાસ કરવાનો જ પ્રશ્ન છે. આપણે ફક્ત જે વસ્તુસ્થિતિ છે તેના ઉપરનો મલ દૂર કરવાનો છે. આપણે નવું કાંઇપણ કરવાનું છે જ નહીં.

ભકિત યોગની દુષ્કરતાનો આપણે વિચાર કરી તે તેના સાચા રૂપમાં પ્રાપ્ત કરી લેવા માટે પુરુષાર્થ ફોરવવાની જરૂર છે. ભકિતની સાધના અત્યંત કઠણ તરવારની ધાર પર ચાલવા જેવી છે એટલા માટે જ આપણે આપણો પુરુષાર્થ ફોરવી તે સાધ્ય કરી લેવા માટે અત્યંત પરિશ્રમ કરવો જોઇએ. ભકિત કોની કરવાની તે નક્કી કરી લઇ જ્ઞાનીઓનો આધાર લઇ ભકિતના માર્ગ નક્કી કરી લેવા જોઇએ. તે સાધ્ય કરવા માટે કોઇ પણ પુરુષાર્થ રહી ન જાય તે માટે કટિબદ્ધ થવું જોઇએ એ વસ્તુ સાધ્ય કરવી અશકય તો નથી જ. કારણ અનેક ભકતોએ તે સાધ્ય કરેલ છે એ આપણે જોઇએ જાણીએ છીએ. ત્યારે આપણા માટે અશકય શા માટે હોય ? આપણે ફકત પુરુષાર્થ ફોરવવાનો છે. શાસનદેવ આપણને તે શકિત આપે અને ભકિતની દીપ્તિ અર્થાત તે જ આપણે દૃષ્ટિગત થઇ આપણે પણ સાચા ભકત થઇએ એ જ અભ્યર્થના !

## ઉન્નત વિચાર

The best thing to give to your enemy is forgiveness: to an opponent, tolerance; to a friend, your heart; to your child, a good example; to a father, deference; to your mother, conduct that will make her proud of you; to yourself, respect; to all men, ch

—*Balfour.*

અન્યને આપવાની ઉત્તમોત્તમ વસ્તુઃ—દુશ્મનને માફી, વિરોધીને સમભાવ, મિત્રને શુદ્ધ અંતઃકરણ, પુત્રને જીવનનો આદર્શ, પિતાને બહુમાન, માતાને ગર્વ થાય એવી તમારી રહેણીકરણી, પોતાની જાતને સન્માન અને અન્ય માણસોને ઉદાર ભાવના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવહાર કૌશલ્ય.

( ર૯૧ )

**જે કામ કરવાને અંગે આપણને કોઇ પણ વખતે શરમાવું પડે એવું કામ ન કરવાનો નિરધાર કરવો એ ઊંચામાં ઊંચો વ્યવહારુ નીતિનો નિયમ છે.**

વિચારક માણસ પોતાના જીવનના નિયમો ગોઠવે છે, પોતાના આદર્શો નક્કી કરે છે અને પોતાનાં ધોરણ નિયત કરે છે. માણસ આ રીતે પ્રમાણિક, નીતિમાન, સત્યનિષ્ઠ, બ્રહ્મચારી, સંયમી, ક્ષમાશીલ આદિ ઉપનામો-વિશેષણો મેળવે છે. આવાં નિયમો, ધોરણો અને ભાવનાઓનો પાર નથી અને તે પ્રત્યેક લખવા કરતાં અનુભવને પરિણામે કે દીર્ઘ અભ્યાસથી માણસ મેળવી તેનો વિકાસ કરે છે. તે સર્વનો એક સ્થાનકે ઉલ્લેખ કરવો અશક્ય અને બીનજરૂરી છે.

પણ કેટલીકવાર એવા અનેક શુભ નિયમોનો સંગ્રહ કરી શકે એવો એકાદ નિયમ તારવી શકાય છે અને એવા એક નિયમને પ્રેમથી, શ્રદ્ધાથી અનુસરવાનો નિર્ણય કરવામાં આવે તો પણ માણસ નીતિના ઉન્નત શિખરે પહોંચી શકે છે. ઘણા નિયમોને અંતર્ગત કરનાર એવો એક નિયમ એ છે કે આપણે કોઇ કામ એવું ન કરવું જોઇયે કે જેને માટે આપણે કોઇ પણ પ્રસંગે શરમાવું પડે. તે કેમ બને છે તે આપણે જરા ઝીણવટથી તપાસી જઇએ.

કેટલીકવાર માણસ ગુપચુપ ખોટું કામ કરી મોટો લાભ મેળવી લે છે અને થોડા વખત સુધી એ ધનવાન કે કીર્તિમાન થતો દેખાય છે, એ આ નિયમની કક્ષામાં ન આવે. ગમે તેવું ગુપ્ત કામ હોય, ગમે તેટલા અંધકારમાં કરેલ હોય, તે બહાર ન પડે તેની આપણે તજવીજ રાખી હોય. આ દૃષ્ટિયે એ કામ સામે જોવાનું નથી. એ કાર્ય જ્યારે ગમે તે રીતે બહાર પડી જાય ત્યારે તે કરવાને અંગે આપણે શરમાવું પડશે કે નહિ, આપણે લોકોને મુખ બતાવી શકશું કે નહિ. એ પરીક્ષામાં જે કામ પસાર થાય તે કરવું, એમાં પસાર ન થાય તે ન કરવું. આ ધોરણે આપણાં પોતાનાં વિચાર, ઉચ્ચાર કે વર્તન પર આપણી જ પરીક્ષાનો ગજ રાખવો અને તેમાં શરમ જેવી વાત ન જણાય તે કામ કરવામાં વાંધો નથી. માત્ર ગોટા વાળવા નહિ, પોતાનો ગોટો ચાલ્યો જશે એમ ધારી લેવું નહિ, અને કોઈ નહિ તો અંદર અંતર્યામી તો પરીક્ષા અને ફેંસલો કરવા જાગતો બેઠો છે એ વાત ધ્યાનમાં રાખી એની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તે કાર્ય કરવું,

આટલો સાદો નિયમ રાખવાથી નીતિને માર્ગે પ્રગતિ થશે, દંભનો સર્વથા નાશ થશે, ખોટો દેખાવ કરવાની પદ્ધતિ પર હરતાળ પડશે અને આનંદભેર કૂચ થતા જીવન-વિકાસમાં પ્રગતિ થશે.

મૌક્તિક

---

The best practical moral rule is never to do what at any time we should be ashamed of. N. W. Senior (21-1-46)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવસમાસનો રચના-સમય

લેખક—શ્રી: હીરાલાલ રસિકદાસ કાપડિયા–એમ. એ.

**વિકટ પરિસ્થિતિ**—ભારતીય પ્રાચીન સાહિત્યના અભ્યાસીથી એ વાત અજાણી નથી કે કેટલી યે પ્રૌઢ કૃતિઓના કર્તાનાં નામ કે એના રચના–સમય વિષે આપણે અંધારામાં છીએ. જૈન કૃતિઓને અંગે પણ આ હકીકત અંશતઃ જોવાય છે. આથી જૈન સાહિત્યનો ઇતિહાસ આલેખનારને મુશ્કેલી નડે છે. " અનાગમિક સાહિત્યનો ઇતિહાસ " અંગ્રેજીમાં તૈયાર કરતી વેળા મારે આવી કેટલીક મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢવો પડ્યો છે. ઉદાહરણાર્થે હું અહીં **જીવ–સમાસ**નો નિર્દેશ કરું છું.

**નામ**—' જીવસમાસ ' એવું નામ એની પ્રથમ ગાથામાં સૂચવાયું છે. વિશેષમાં ૨૮૫ મી ગાથા પણ એ જ નામ સૂચવે છે. આ ઉપરાંત આ કૃતિની વૃત્તિમાં ' મલધારી' હેમચન્દ્રસૂરિએ આ જ નામ પ્રારંભમાં આપ્યું છે. વળી એમણે આ કૃતિને ' પ્રકરણ ' પણ કહી છે. આને લક્ષ્યમાં લેતાં આ કૃતિનાં બે નામ ગણાવાય. (૧) **જીવસમાસ** અને (૨) **જીવસમાસપગરણ**

**પરિમાણ ને વિષય**—આ કૃતિની પ્રસિદ્ધ આવૃત્તિમાં ૨૮૬ ગાથા પછી એક પ્રક્ષિપ્ત ગાથા છે એને ગણતાં આ કૃતિમાં ૨૮૭ ગાથા થાય છે. આની રચના જઇણમરહટ્ટી ( જૈન મહારાષ્ટ્રી ) ભાષામાં કરાઇ છે. એનો વિષય મુખ્યતયા ચૌદ ગુણસ્થાનો છે. આ વિષયને અંગેની કેટલીક કૃતિઓનો તેમ જ ગુણસ્થાનના પર્યાયોનો ઉલ્લેખ મેં " આગમોદ્ધાર સંગ્રહ "ના ભા. ૧૦ તરીકે છપાયેલા **ઉપદેશરત્નાકર**ની મારી " ભૂમિકા "( પૃ. ૪૨–૪૩ )માં કર્યો છે.

- **પૂર્વધર**, આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રી **આનંદસાગરસૂરિજી**એ આ **જીવસમાસ** ઉપર્યુક્ત વૃત્તિ સહિત સંપાદિત કરી એનો સંસ્કૃતમાં ઉપોદ્ઘાત લખ્યો છે.

- આ ઉપોદ્ઘાતમાં **જીવસમાસના** કર્તા ' પૂર્વધર ' છે એમ કહ્યું છે, અને એનું કારણ એ અપાયું છે કે ઉપસંહારરૂપ ગાથામાં આ પ્રકરણ દૃષ્ટિવાદગત પદાર્થ દર્શાવે છે એવો ઉલ્લેખ છે.

**પ્રામાણિકતા**—કર્તાના સમય કે નામ વિષે કશો ઉલ્લેખ મળતો નથી, પરંતુ પ્રકરણકાર પ્રામાણિક લેખક છે એમ ઉપોદ્ઘાતમાં સહેતુક પ્રતિપાદન કરાયું છે. સૈદ્ધાંતિક વાક્યો સાથે પ્રસ્તુત કૃતિનો કેટલીક વાર વિરોધ જોવાય છે, પરંતુ એથી પ્રસ્તુત કૃતિને કોઇએ દૂષિત કહી નથી એટલું જ નહિ પણ એનો આધાર ભલભલા ગ્રંથકારોએ લીધો છે.

**સમયનિર્ણયનાં સાધનો**—જે કૃતિનો રચના–સમય અપાયેલો ન હોય તે કૃતિનો રચના–સમય અન્ય રીતે કેટલીકવાર નક્કી થઇ શકે છે. એના ઉપર કોઇ ટીકા હોય તો તેના કરતાં પ્રસ્તુત કૃતિ પ્રાચીન ગણાય. કઇ કઇ કૃતિમાં એનું એકાદેક અવતરણ પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુનિશ્ચિત સ્વરૂપે જોવામાં આવે તેનો વિચાર કરતાં તેમજ પ્રસ્તુત કૃતિનો સ્પષ્ટ નિર્દેશ જણાતાં પ્રાચીનતા વિષે પ્રકાશ પડે. પ્રસ્તુત કૃતિની પ્રાચીનમાં પ્રાચીન હાથપોથી ઉપરથી પણ એના સમયનો નિર્ણય થઇ શકે. આમ ભિન્ન ભિન્ન સાધનોનો ઉપયોગ કરાતાં કૃતિના સમયનો ખ્યાલ આવી શકે. આપણે **જીવસમાસ** પરત્વે આવાં સાધનો વિચારીશું.

**હેમચન્દ્રસૂરિની વૃત્તિ—જીવસમાસ** ઉપર ' મલધારી ' હેમચન્દ્રસૂરિએ સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. એની છપાયેલી પ્રશસ્તિમાં એનો રચનાસમય જણાવાયો નથી, પરંતુ **વીરદેવસૂરિ** અને **મુનિચન્દ્રસૂરિ**ને યાદ કરાયા છે. આ મુનિચન્દ્રસૂરિ વિ. સં. ૧૦૭૦ માં સ્વર્ગે સંચર્યા. ઉપર્યુક્ત હેમચન્દ્રસૂરિના શિષ્ય **શ્રીચન્દ્રસૂરિ**એ વિ. સં. **૧૧૯૩** માં **મુનિસુવ્રતસ્વામિચરિત્ર** રચ્યું છે, એટલે આ વૃત્તિકાર વિક્રમની બારમી સદીમાં થઇ ગયા એમ નિર્વિવાદપણે કહી શકાય. **વિસેસાવસ્સયભાસ**ની વૃત્તિમાં પોતે જે દસ કૃતિઓના [1]વિવરણ રચ્યાં છે. તેમાં **જીવસમાસ**ના વિવરણને અર્થાત્ વૃત્તિને છઠ્ઠી કૃતિ કહી છે. કેટલાકના મતે આ વિવરણ વિ. સં. **૧૧૬૪** માં રચાયું [2]છે. આમ **જીવસમાસ** વિ. સં. ૧૧૬૪ ની પહેલાંની કૃતિ છે એ વાત તો સિદ્ધ થાય છે જ.

**બે પ્રાચીન વૃત્તિઓ—**હેમચન્દ્રસૂરિએ **જીવસમાસ**ની બે વૃત્તિઓની નોંધ લીધી છે. ૧૫૮ મી ગાથાની વૃત્તિમાં એમણે **જીવસમાસ** ઉપરના ' અર્વાચીન ' ટીકાકારનું કથન નોંધ્યું છે. આ ટીકાકાર એમના કરતાં વિશેષ પ્રાચીન નહિ હશે, પરંતુ ૪૭ મી ગાથામાં ' મૂલવૃત્તિકૃત્ ' નો એમણે જે ઉલ્લેખ કર્યો છે તે કોઇ પ્રાચીન વૃત્તિ હોય એમ લાગે છે. એ પ્રાચીન વૃત્તિ વિ. સં. ૯૫૦ ની આસપાસની હશે.

**શીલાંકસૂરિની વૃત્તિ—શીલાંકસૂરિ**એ **જીવસમાસની** વૃત્તિ રચી છે અને એની હાથપોથીઓ મળે છે એમ **જિનરત્નકોશ** વગેરે જોતાં જણાય છે. આ **શીલાંકસૂરિ** તે કોણ એ જાણવું બાકી રહે છે. શું એઓ જ **આયાર** અને **સૂયગડ**ના ટીકાકાર [3]છે? જો એમ જ હોય તો આધુનિક વિદ્વાનોને મતે એમનો સમય વિક્રમની નવમી સદીનો છે, અને એ હિસાબે **જીવસમાસ** આના કરતાં સોએક વર્ષ જેટલો તો પ્રાચીન ગણાય.

૧ અહીં જે **નંદિ-ટિપ્પનક**ની નોંધ છે તે ટિપ્પનક હજી સુધી કોઈ સ્થળેથી મળ્યું નથી; બાકી ધર્મઘોષસૂરિના શિષ્ય શ્રી ચન્દ્રસૂરિનું રચેલું ટિપ્પનક મળે છે.

૨ હેમચન્દ્રસૂરિએ જાતે વિ. સં. **૧૧૬૪**માં તાડપત્ર પર લખેલી આ વિવરણની પ્રત ખંભાતના શાંતિનાથ ભંડારમાં છે.

૩ ' શીલાંક ' નામના વિવિધ મુનિવરો વિષે તેમજ **શીલગુણસૂરિ** વગેરે વિષે અને ખાસ કરીને **આચારાદિ**ના ટીકાકાર વિષે મેં કેટલેક સ્થળે ઉલ્લેખ કર્યો છે જેમકે **આગમોનું દિગ્દર્શન** ( પૃ. ૫૩-૫૪ ), **પાઇય ( પ્રાકૃત ) ભાષાઓ અને સાહિત્ય** ( પૃ. ૫૮ ), " આનન્દસુધાસિન્ધુ " ( ભા. ૨ ) નું પ્રાક્-કથન ( પૃ. ૨-૩ ), આગમોદ્ધાર સંગ્રહના ભા. ૧૪ રૂપ " શ્રી આચારાંગસૂત્ર " નું અગ્રવચન ( પૃ. ૪-૫ ), તેમજ A History of the Canonical Literature of the Jainas ( p. 230 ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અવતરણો**—અહીં એ વાત નોંધીશ કે **શીલાંકસૂરિએ આચાર** ( સુય. ૧, અ. ૯, ઉ. ૫ )ની નિજ્જુત્તિની ટીકામાં-એની ૧૫૫ મી ગાથાની ટીકા( પત્ર ૬૧ આ )માં કુલનું પરિમાણ દર્શાવતાં ચાર ગાથાઓ અવતરણરૂપે આપી છે. આ ગાથાઓ તેમજ એનાં પાઠાંતરોને લક્ષ્યમાં લેતાં એનું **જીવસમાસ**ની ગા. ૪૧-૪૪ સાથે વિશેષત: સામ્ય જોવાય છે. જો આ અવતરણરૂપ ગાથાઓ **આચાર**ની આ ૪ટીકા કરતાં અધિક પ્રાચીન એવી કોઇ બીજી કૃતિમાં ન જ મળતી હોય તો એ ઉપરથી આ ગાથાઓનું મૂળ **જીવસમાસ** છે એવું અનુમાન દોરવાનું હું સાહસ કરું છું, બાકી **પવયણસારુદ્ધાર**માં આ ૯૭૮ થી ૯૯૧ ક્રમાંકવાળી ગાથા સાથે મોટે ભાગે મળે છે. વિશેષમાં આની વિ. સં. ૧૨૪૮ માં રચાયેલી ટીકામાં બે સ્થળે **જીવસમાસ**નો ઉલ્લેખ છે.

**વિસંવાદ**—સૈદ્ધાંતિકો અને કર્મગ્રન્થકારો વચ્ચે કેટલીક બાબતોમાં મતભેદ છે એ જાણીતી વાત છે. **જીવસમાસ**માં નિર્દેશાયેલી કેટલીક બાબતો પણ હેમચન્દ્રસૂરિના કથન મુજબ આગમ વગેરે સાથે મળતી આવતી નથી. આવી વિલક્ષણ બાબતોના ગાથાંક સંસ્કૃત ઉપોદ્‌ઘાતમાં આ પ્રમાણે અપાયા છે: ૩૦, ૩૬, ૬૫, ૬૯, ૭૩, ૭૮, ૮૦, ૮૨, ૧૧૫, ૧૫૩, ૧૫૭, ૧૫૮, ૧૭૫, ૧૮૪, ૧૯૪, ૧૯૭ ને ૧૯૯.

આમ જ્યાં જ્યાં સૈદ્ધાંતિકોનાં મંતવ્ય સાથે વિરોધ જણાય છે ત્યાં ત્યાં તે તે બાબત પર આગમોના અખંડ અભ્યાસીઓએ-વિશેષજ્ઞોએ સપ્રમાણ પ્રકાશ પાડવો ઘટે. કંઇ નહિ તો એ વિસંવાદી બાબતોની સવિસ્તર સૂચી રજૂ થવી ઘટે.

**વલભી વાચના**—**જીવસમાસ**માં જે અનેક બાબતોમાં ભિન્ન પ્રરૂપણા જોવાય છે એ ઉપરથી એ ' માથુરી ' વાચનાને નહિ પણ ' ૫વલભી ' વાચનાને અનુસરતી કૃતિ હોવાનું માનવા હું પ્રેરાઉં છું.

**પ્રણયનકાલ**—ઉપર્યુક્ત વિલક્ષણતાઓને લઇને હું **જીવસમાસ**ને વીર નિર્વાણથી મોડામાં મોડી હજાર વર્ષની કૃતિ ગણવા પણ લલચાઉં છું. આગમોદ્ધારકે એને પૂર્વધરની

૪ આ ટીકાના અવતરણરૂપ કેટલાંક પદ્યો કોઈ કોઇ પઇણ્ણગમાં જોવાય છે શું એનાં મૂળ આ પઇણ્ણગ છે? જો એમ જ હોય તે વિ. સં. ૧૦૦૮ કે ૧૦૮૦ ની આસપાસના સમયમાં ઉપલબ્ધ પઇણ્ણગ રચાયાની વાત ( જુઓ HCIJ P. 52 ) તેમજ **શીલાંકસૂરિ**નો સમય નિર્ણય વિચારણીય થાય તેનું કેમ ?

૫ **જીવસમાસ**ની સટીક મુદ્રિત આવૃત્તિના મુખપૃષ્ઠ ઉપર " **वल्लभीयपारम्पर्यनियुक्तं** " એવો ઉલ્લેખ છે, પણ એનું કારણ સંસ્કૃત ઉપોદ્‌ઘાતમાં જણાવાયું નથી. કોઇ આધુનિક વિદ્વાને **જીવસમાસ** વલભી પરંપરાને અનુસરે છે એવું પ્રતિપાદન સપ્રમાણ કર્યું છે ખરું ? કોઇ પ્રાચીન કૃતિમાં આ પ્રમાણે ઉલ્લેખ છે ? આમ બે પ્રશ્નો આને અંગે હું નોંધું છું અને વિશેષજ્ઞોને એનો ઉત્તર આપવા વિનવું છું. વિશેષમાં એ પ્રશ્ન પણ પૂછું છું કે—' વલભી ' વાચના પ્રમાણેની અન્ય કૃતિ તે **જોઈસકરંડગ** જ છે કે એ ઉપરાંત બીજી પણ કોઈ છે અને એમ હોય તો તે કઇ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય–વાડીનાં કુસુમો.

## ઉકરડાનું ગુલાબ

### ( ૨ )

લેખક–શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

**કથીરમાંથી કંચન—**

વડિલભાઈ! હું તો હવે સાવ થાકી ગયો છું. કંટાળી પણ ગયો છું. કોઈ દિશ સૂઝતી નથી! લાગટ પાંચ કલાક કે સાત કલાક મારા નવા વ્યવસાય પાછળ કામ કરવાથી મને જે થાક નથી લાગતો તે કેવળ પિતાશ્રીના હોકારા અને કર્ણકટુ વેણ સાંભળવાથી લાગે છે! હું હૃદયથી તેમની શુશ્રૂષા કરતો હોવા છતાં એ અંગે બે મીઠા શબ્દો સાંભળવાના તો બાજુએ રહ્યા, પણ એથી ઉલ્ટું સામેથી કડવી વાણીની વર્ષા વર્ષે છે. એ પણ મૌનપણે શ્રવણ કરું છું એ જાણે ઓછું હોય તેમ કહેવાય છે કે—'ઓ કપાતર! ત્હેં મારો કુળ પરંપરાનો ધંધો છોડ્યો, અને પેલા શ્રમણની સલાહ માની હવે તું મને મારી નાખવા બેઠો છે!'

મિત્ર! તમારા પિતા આવી લવારી કરે છે કે તમો કંઈ કરો છો ત્યારે બોલે છે? વળી એમના આ વચનો અંગે બીજા સગાવ્હાલા કેવો અભિપ્રાય ધરાવે છે? ઘણી વખત દરદના વેગને લઈ દરદી, ન બોલવાનું બોલે છે અને ન સુણાવાનું સુણાવે છે.

મંત્રી મહાશય! ના, ના, એ કંઈ રોગના ઉભરાથી નથી બોલતા. હું પિતાશ્રીની પથારી પાસે જઉં છું કે એ મને ઉદ્દેશી ભાષાનું ખૂન કરવાનું શરૂ કરે છે. પગ દાબું તો કહે કે તું આંગળા મચડી નાંખે છે! માથા પર ચંદનનો લેપ કરું તો કહે અંગારાથી માથું શેકે છે! શરીર પંપાળું તો બોલે કે–'શા સારુ શૂળો ભોંકે છે? ઓસડ તો મારા હાથનું લેતા જ નથી. તેમને વહેમ છે કે–હું એમને ઝેર પાઈશ! મેલા કપડાં બદલાવતાં તો મારા આંક્રોશા ઊંચા આવે છે! અને શય્યા સ્વચ્છ રાખવાનો પ્રબંધ કરવા માંડું એટલે અશક્તિ વધી રહેલી હોવા છતાં, જોર કરી સામે મારવા આવે છે! આ મારી રોજનિશીની

---

કૃતિ ગણી છે અને પુવ્વ( પૂર્વ )નો ઉચ્છેદ વીરસંવત્ ૧૦૦૦ માં થયાનો ઉલ્લેખ મળે છે, એટલે આ હિસાબે પણ **જીવસમાસ** ઇ. સ. ની પાંચમી સદીની આસપાસ જેટલો પ્રાચીન ઠરે. આ અનુમાનને ચકાસી જોવા માટે **જીવસમાસ**ની ગાથાઓ હરિભદ્રસૂરિની કોઈ કૃતિમાં મૂળ સ્વરૂપે કે અર્થદૃષ્ટિએ મળતી આવે છે કે કેમ તે વિચારવું જોઈએ. બીજી બાજુ ઇ. સ. ની આઠમી સદીની પૂર્વેના દિગંબર ગ્રન્થો પણ આ દૃષ્ટિએ તપાસવા જોઈએ,

**પ્રકાશન**—પ્રૌઢ ગ્રંથોના પ્રકાશકોને મારી સાદર વિજ્ઞપ્તિ છે કે **જીવસમાસ** ઉપર **શીલાંકસૂરિ**ની ટીકા છે તે તેઓ સત્વર પ્રસિદ્ધ કરે. એ દરમ્યાનમાં જેમની પાસે આની હાથપોથી છે તેઓ આ **શીલાંકસૂરિ** વિષે જાણવા લાયક હકીકત રજૂ કરશે તો ઇતિહાસની આંટીઘૂંટી ઉકેલાયાનો આનંદ મળશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહાણી. એમાં આસપાસ બેઠેલા સ્નેહીઓ 'દાઝયા પર ડામ દેવા જેવું' કરે છે! મારો જ વાંક કહાડે છે અને ડોસાની વાતને ટેકો આપે છે. એ વેળા મારી કરુણ સ્થિતિનો પારો પૂર્ણ ડીગ્રીએ પહોંચે છે.

હા, એક વાત દીવા જેવી મને સમજાય છે કે જ્યારથી આપનો સમાગમ થયો અને મેં મારો પાપપૂર્ણ ધંધો છોડી દીધો ત્યારથી તે સર્વ મારાથી વિપરીત થયા છે. પણ દુઃખ તો એ છે કે—એ અંગે જરા પણ મનદુઃખ આપ્યા વિના એ સૌને હું સુખી કરવા પ્રયાસ કરું છું ત્યારે પણ સીધો અર્થ લેવાને બદલે અવળો અર્થ લે છે અને નકામો સંતાપ જન્માવે છે! અજાયબી તો એ છે કે તેમનું મન પ્રફુલ્લિત બને અને એ દરમિયાન વ્યાધિનું દુઃખ ભૂલાય એ સારુ મેં સુંદર કંઠે ગાનારનો અને સારંગી જેવા મધુર વાજિંત્રનો પ્રબંધ કર્યો. જગતમાં સંગીતમાં હજારોના દિલ ખેંચવાની જાદુઇ શકિત છે અને એ ચાલતું હોય ત્યારે હરકોઇ સંતપ્ત આત્મા પોતાનું દુઃખ ભૂલી જાય છે એ માટે બે મત છે જ નહીં એ કારણે તો નાદને પાંચમો વેદ કહેવાય છે. આપે મને કહેલું કે તીર્થંકર ભગવાન પણ માલકોશ રાગમાં જ ઉપદેશ આપે છે; અને શ્રોતાઓ શાંતિથી વાણીરૂપે વહેતો ઉપદેશ સાંભળે છે.

મંત્રીશ્વર! મારા આ સુકાર્ય માટે યશ તો દૂર રહ્યો એને બદલે ઉપાલંભની સરિતા વહી રહી છે એનો સાર એટલો જ કે—અલ્યા મૂર્ખા, શા સારુ આવા અખતરા કરી આ દરદીનાં દુઃખમાં વધારો કરે છે? શા માટે દુશ્મન પણ ન કરે એવું આચરણ કરે છે?

આ વાર્તાલાપ મંત્રીશ્વર અભય અને કાલસૌકરિક કસાઇના પુત્ર સુલસ વચ્ચે ચાલી રહ્યો છે. સુલસને મુનિશ્રી સાથે વાત કરતો આપણે જોયેલ. આર્દ્રકમુનિની વિદાય લઇ મંત્રીશ્વર અભય જ્યાં નગર તરફ પાછા ફરવાની તૈયારીમાં છે ત્યાં સુલસને લઇ આર્દ્રક-મુનિના શિષ્ય પહોંચ્યા. ટૂંકમાં મંત્રીશ્વરને સર્વ વાત કહી. એક આત્મા અધર્મના માર્ગેથી પાછો વળી ધર્મના રસ્તે પગ માંડવા ઉત્સુક હોય, તો એવાને ખભો આપવો, સર્વ પ્રકારની સહાય કરવી એ તો અભયકુમારને ગળથુથીમાંથી પાઠ મળ્યો હતો. વણિક, શ્રેષ્ઠીની સુતા નંદાએ બાલુડાનું પ્રાથમિક જીવન માતામહના ઘરમાં વ્યતીત થયું હતું. વ્યવહારીઆનો ધર્મ જ પેટવરામાં પુન્યવરો કરવારૂપ હતો. બેનાતટ નગરમાં મહાજન વસ્તીમાં–આવા પ્રસંગને દિ ઊગ્યે પ્રાપ્ત થતાં એવા સંસ્કારી સ્થાનમાં ઉછરેલ અભયકુમારે તરત જ મહારાજને કહ્યું કે—

પૂજ્યશ્રી, આ સુલસ ભલે વયમાં નાનો હોય, પણ તેના વિચાર ઉચ્ચ છે. હું એને આ પાપના ધંધામાંથી બચાવી લઇશ. આજથી એ મારો મિત્ર થયો છે.

મગધ જેવા મોટા દેશના મહામંત્રીને શીરે જવાબદારી નાનીસૂની તો ન જ હોય. આમ છતાં એમણે પોતાના સમયના વિભાગ પાડ્યા હતા. ગૃહકાર્ય અને રાજ્યચિંતા ઉપરાંત માનવજીવનનું એક બીજું અને અતિ અગત્યનું ધ્યેય છે અને તે આત્મકલ્યાણનું. એ પોતે સમજતા હોવાથી પ્રાતઃકાળનો સંધ્યા પછીનો અને નિદ્રા પહેલાનો અમુક સમય ફાજલ પાડીને એ વેળા ધાર્મિક વિચારણા કરવાનો ક્રમ બાંધ્યો હતો અને એનું પાલન કરકાઇથી કરતા. એ વેળા કોઇ પણ સંસારી વાત કરી શકાતી નહીં. રાજ્યનું અગત્યતા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભર્યું કામ આવે તો પણ એ વાત કહેવાની સખત મનાઇ હતી. પ્રાતઃકાળમાં સામાયિક અને સ્વાધ્યાય સંધ્યા પછી મિત્રોની સાથે વાતચીત અને સૂતા પહેલાં અધ્યાત્મચિંતનરૂપ સામાન્ય કાર્યક્રમ હતો, કારણ પરત્વે એમાં જરૂરી ફેરફાર કરતા છતાં ધર્મ પુરુષાર્થ માટેનો એ સમય અર્થ-કામમાં હરગીજ વપરાતો નહીં. સુલસની મુલાકાત ઉદ્યાનવાળા બનાવ પછી વધતી જ રહી હતી. મંત્રીશ્વર જોડેની ધર્મચર્ચાથી એ ભગવંત મહાવીરના ધર્મમાં ઓતપ્રોત બનવા લાગ્યો હતો. બાપિકો વ્યવસાય એણે સદંતર છોડી દીધો, એ સામે કુટુંબી જનોએ ભારે વિરોધ કર્યો પણ સુલસ અડગ રહ્યો. એનો જવાબ એક જ હતો.

**संसारमावन्न परस्स अट्ठा, साहारणं जं च करेइ कम्मं ।**
**कम्मस्स ते तस्स उवेयकाले न बंधवा बंधवयमुवन्ति ॥**

અર્થાત્ જીવ સંસારમાં જન્મીને પારકાને માટે-સ્વજનના નિર્વાહ અર્થે-જે કંઇ કર્મો કરે છે તે કર્મો જ્યારે ઉદયમાં આવે છે ત્યારે તેણે એકલાને જ ભોગવવા પડે છે. એ વેળા પેલા ભાઇ આદિ સંબંધીઓ ભોગવવામાં ભાગ પડાવતા નથી.

આ વાત એના કુટુંબી જનોને ગળે ઉતરી નહીં. તેઓ કહેતા-તારા બાપની માફક તું પણ કસાઇનો ધંધો ચાલુ રાખ. કુળમાં ચાલી આવતી પરંપરાને ત્યજી ન દે. એ સંબંધમાં જે કંઇ દુઃખ ભોગવવું પડશે એમાં અમો જરૂર ભાગ પડાવીશું અર્થાત્ આજે જેમ ત્હારી સાથે છીએ તેમ એ વેળા પણ સાથે રહીશું.

સ્નેહીઓની વાત ગલત હતી, એ પોતે અભયકુમારના સમાગમમાં આવ્યાથી સારી રીતે સમજતો થયો હતો. સંસારરૂપી મુસાફરખાનામાંથી પ્રભાત થતાં જેમ પથિકો જુદી જુદી દિશામાં પગલા માંડે છે એમ જીવો પણ પોતપોતાના કર્મ અનુસાર આયુ કર્મના અંત સાથે ભિન્ન ભિન્ન ગતિમાં આનુપૂર્વીના બળે જાય છે. નથી તો એ વેળા કોઇ રાહ જોવા થોભતું અને કદાચ થોભવાની ઇચ્છા હોય તો નથી એનામાં એ માટે સ્વતંત્રતા. પણ પરંપરાના સંસ્કારથી રૂઢ સંબંધીઓને સમજાવવા એણે ચપ્પુ હાથમાં લીધો અને પોતાના પગ પર ઘા કર્યો રકતની ધારા ઊડી. ઘાની પીડાથી એ ભોંય પર બેસી ગયો. પછી એણે સ્નેહીઓને ઉદ્દેશી કહ્યું,

' મને ઘણી સખત પીડા થાય છે, એમાંથી થોડી થોડી ભાગે પડતી વહેંચી લ્યો. એમ કરી મારું દુઃખ ઓછું કરો. '

અરે ગાંડા ! એ રીતે દુઃખના ભાગ પડયા સાંભળ્યા છે ખરા ?

વડિલો ! જો આટલા નાના સરખા ઘાની પીડામાંથી પણ તમો કંઇ લેવા સમર્થ નથી, તો પછી પરભવમાં મને કયાં શોધશો ? અને કેવી રીતે કર્મના ઉદયે મારા માથે પડતા દુઃખરાશિમાં ભાગ પડાવશો ? કેવળ આ પેટનો ખાડો પૂરવા હું જીવોનો ઘાત રોજ ઘાત કરું અને પાપપંકથી લેપાઉં ! હવે હરગીજ એ બનનાર નથી. જાગ્યા ત્યાંથી સવાર. એ અધમ ધંધાથી મેં સદાને માટે હાથ ધોઇ નાંખ્યા છે. ફરીથી મારી સમક્ષ એ વાત ઉચ્ચારશો નહીં. મેં જે નવો વ્યવસાય સ્વીકાર્યો છે એમાંથી જે કંઇ લૂખુંપાકું મળશે તેથી નિર્વાહ કરીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ રીતે દૃઢતાથી પવિત્ર માર્ગનો પથિક બનેલો સુલસ શરૂઆતમાં જોયું તેમ મુંઝવણમાં પડી ગયો હતો અને કોઇ દિશા ન દેખાવાથી મિત્ર એવા મંત્રીશ્વર અભય આગળ હૃદય ખોલી રહ્યો હતો. થોડીવાર મંત્રીશ્વર વિચારમગ્ન બન્યા. એ દરમિયાન કંઇક અંકોડા મેળવાયા હોય એ રીતે બોલ્યા—

મિત્ર સુલસ! શીરછત્ર એવા પિતાને આવી અવસ્થામાં સુખ અને શાંતિ આપવાની તારી કામના સાચી છે છતાં એ અંગેનો માર્ગ ઠીક નથી. સાધનસામગ્રી બદલવી પડશે. આત્મા પોતે જ કર્મોનો કર્તા છે અને એ કારણે થતાં સુખ દુઃખ એને જ વેઠવા પડે છે. મને ભગવંત મહાવીરદેવની વાણી યાદ છે. તેઓએ કહ્યું હતું કે—

'કેટલાક નિકાચિત કર્મો એવા ચીકટ હોય છે કે એ નથી તો પશ્ચાત્તાપથી છૂટતાં કે નથી તો તીવ્ર તપથી નષ્ટ થતાં. એ ભોગવવા જ પડે છે. મારા પિતાશ્રીએ પ્રશ્ન કર્યો કે આપ જેવા સમર્થ ધણી મારે માથે હોય, તો પણ મારે ત્રીજી નર્કમાં જવાનું અને પૂર્વકર્મનો વિપાક ભોગવવાનો? ભગવંત કૃપા કરી એમાંથી બચવાનો કોઇ માર્ગ દેખાડો. ભાઇ, જ્ઞાની ભગવંત જાણતા હતા કે હોણહાર મિથ્યા થનાર નથી. ત્રીજી નર્કનો બંધ નિકાચિત છે. આમ છતાં એ વાત પિતાને ગળે ઉતારવા તેઓશ્રીએ કહ્યું કે—

મગધેશ્વર! તમારી કપિલા દાસીના હાથે દાન અપાવો, કાળસોકરિક કસાઇ જે રોજ પાંચસો પાડાનો વધ કરે છે તે એક દિન બંધ કરાવો, અને શ્રાવકવર પુન્યના સામાયિકના ફળમાંથી એક દિનનું ફળ મેળવો. આટલું જો કરો તો તમારી ત્રીજી નરક રોકાય.

હું સારી રીતે જાણું છું અને ત્હેં સાંભળ્યું પણ હશે કે મારા પિતા–મગધના મહારાજા–એમાંની એક ચીજ અમલી ન કરી શકયા. આમ મારા શીરછત્ર નાશીપાસ થયા. પ્રભુએ શાંત્વન આપતા જણાવ્યું કે–કર્યાં કર્મો ભોગવતાં સમતા રાખવી જેથી ભાવિનો રાહ નિર્મળ થાય.

સુલસ! આટલા લંબાણ પછી હું તને સમજાવવા માગું છું કે તારે ઉપાલંભથી કચવાટ ન કરવો. એ પાછળ પૂર્વકર્મનો દોષ વિચારવો. સમતા હરગીજ ન ત્યજવી. નરક જેવી માઠી ગતિ તારા પિતા માટે નિશ્ચિત જ છે. જે આત્માને નીચ ગતિમાં જવાનું હોય એને અંતકાળે સારું અને સુંદર કાર્ય ન ગમે. એવું અહીં પણ કરવામાં આવે તો એ જીવને કંઇક શાતા વળે. કહેવાય છે ને કે 'ખાખરના ખીસકોલી સાકરનો સ્વાદ ન જાણે અને ભૂંડ તો ઉકરડામાં જ મોં ઘાલે.' માટે તું એમની શય્યાની આસપાસ નરકમાં હોય એવા સાધન ગોઠવ. મને ખાત્રી છે કે તારા જેવા પિતૃભક્ત પુત્રને આ કરવું ગમશે નહીં પણ ભાઇ 'જેવી ગતિ તેવી મતિ' એ સૂત્ર મુજબ રોજનો સંતાપ ટાળવો હોય તો આ અખતરો કર્યે જ છૂટકો.

અભયકુમારની સલાહ અનુસાર સુલસે આવી પિતાની પથારીનું વાતાવરણ ફેરવી નાંખ્યું. એની સચોટ અસર થઇ. દરદીને એથી સંતોષ થતો જણાયો. આ દશામાં થોડા દિન પસાર થતાં અવસર્પિણી કાળના આ અભવ્ય કસાઇનો હંસલો ઊડી ગયો.

સુલસે પોતાની નજર સામે ભજવાયેલા અને 'કરે તેવું પામે' એવો બોધપાઠ ધરના નાટકમાંથી સ્વજીવનનો રાહ ફેરવવારૂપ સાર લીધો. જૈન સાહિત્યમાં નોંધાયું કે એ મૃત્યુ પામી દેવભવમાં ઉપન્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી

શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ સુરત મુકામે વૈશાખ વદ ૫ ના રોજ કાળધર્મ પામ્યા છે. તેઓશ્રીનો જન્મ સં. ૧૯૩૧માં કપડવંજમાં થયો હતો. સોળ વર્ષની નાની ઉમરે સં. ૧૯૪૭માં તેઓશ્રીએ ઝવેરસાગરજી પાસે દીક્ષા લીધી હતી. સં.૧૯૬૦ માં તેઓશ્રી પંન્યાસ થયા હતા, અને સં. ૧૯૭૪ માં સુરતના શ્રીસંઘે તેઓશ્રીને આચાર્ય પદે સ્થાપિત કર્યા હતા. તેઓશ્રી જૈન શાસ્ત્રના અપૂર્વ અભ્યાસી હતા. ષડ્દર્શનના પ્રખર જ્ઞાતા હતા. તેઓશ્રીના ઉપદેશથી સં. ૧૯૬૫ માં શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ એક લાખ રૂપિયાની રકમથી સ્થાપવામાં આવ્યું હતું, જે ફંડની મદદથી અન્ય વિદ્વાન મુનિમહારાજાઓ તથા ગૃહસ્થો પાસે સંશોધન કરાવી અનેક આકાર શાસ્ત્રના ગ્રંથો બહાર પાડવામાં આવ્યા હતા. ત્યારબાદ આગમોદય સમિતિની સ્થાપના તેઓશ્રીએ કરી હતી. અને જુદા જુદા શહેરોના ભંડારોમાંથી આગમ ગ્રંથોની અનેક પ્રતો મેળવી શુદ્ધ આગમ ગ્રંથો પ્રકટ કરવામાં આવ્યા હતા. જૈન આગમ ગ્રંથો ઉપર તેઓશ્રીને અપૂર્વ પ્રેમ અને રાગ હતો. આગમિક સાહિત્યનું વાચન સાર્વત્રિક થાય, જૈન મુનિમહારાજાઓને આગમોના શ્રવણ અને મનનનો લાભ મળે તે માટે તેઓશ્રીએ પાલીતાણા મુકામે આગમોની વાંચના કરી હતી, જે વાંચનાનો ગચ્છ કે સંઘાડાના ભેદભાવ વિના મુનિમહારાજાઓ અને ગૃહસ્થોએ લાભ લીધો હતો. આગમ વાંચનાનો આ આવો પ્રસંગ પૂર્વાચાર્યોના વખતની વલ્લભી અને માથુરી વાંચનાની કંઇક ઝાંખી કરાવતો હતો. આગમ શાસ્ત્રનો કાળક્રમે નાશ ન થાય, તેમાં કોઇ હસ્તક્ષેપ કે ફેરફાર ન કરે તેવા આશયથી તેઓશ્રીએ પાલીતાણામાં શત્રુંજય તીર્થની તળેટીમાં મોટે ખર્ચે આગમ મંદિર બંધાવેલ છે, અને દીવાલો ઉપર આરસની તખ્તીઓમાં સમગ્ર આગમોને કોતરાવેલ છે, જે આગમ મંદિર આચાર્ય મહારાજનો મહાન સ્મરણ સ્તંભ છે તે પ્રમાણે સુરત શહેરમાં પણ તામ્રપત્રો ઉપર આગમોને અંકિત કરાવવામાં આવ્યા છે. આ રીતે આગમોના ઉદ્ધારની આચાર્યમહારાજશ્રીની અનુપમ સેવા છે, તે માટે આગમોદ્ધારક, આગમદીવાકર, શાસનશિરોમણિ આદિ અલંકારોથી વિભૂષિત થયા છે.

આચાર્ય મહારાજશ્રીનો અમને થોડોક અંગત પરિચય હતો. તેઓ સતત અભ્યાસી હતા, વાંચન સંશોધન પ્રકાશન આદિ કામોમાં તેઓ કાયમ પ્રવૃત રહેતા. સમયનો સદુપયોગ આખા જીવનમાં તેઓશ્રીએ જે કર્યો છે, તેવો ભાગ્યે જ બીજા પુરુષોએ કર્યો હશે. આગમોના ઉદ્ધાર માટે તેઓ એક અવતારી પુરુષ થયા હતા. આખું જીવન આગમોના ઉદ્ધાર માટે વાપર્યું હતું. સંતપુરુષોની જ્ઞાનવિભૂતિ પરોપકાર માટે જ હોય છે. આવા જ્ઞાનવિભૂષિત આચાર્ય મહારાજના અવસાનથી જૈન સંઘ અને જૈન સમુદાયને ન પુરાય એવી ખોટ પડેલ છે. તેઓશ્રીના વિદ્વાન અને સુજ્ઞ શિષ્યવર્યો પરમગુરુ મહારાજ પાસેથી મેળવેલ વારસો સાચવી રાખી તેમાં વૃદ્ધિ કરશે એવી અમારી અભ્યર્થના છે.

જીવરાજ ઓધવજી દોશી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg: No. B. 156

ખાસ વાંચવા લાયક વસાવવા લાયક નવા પુસ્તકો

હવે તો ઘણી જ જુજ નકલો શીલીકમાં રહી છે તો તમારી નકલ માટે સત્વર લખી જણાવો.

## શ્રી આનંદઘનજી—ચોવીશી

### [ અર્થ, ભાવાર્થ અને વિવેચન સહિત ]

જેની ઘણા જ સમયથી માંગ હતી તે શ્રી આનંદઘનજી ચોવીશી અર્થ તથા વિસ્તારાર્થ સાથે હાલમાં જ છપાવીને બહાર પાડવામાં આવી છે. શ્રી આનંદઘનજીના રહસ્યમય ભાવાર્થને સમજવા માટે તેમજ આધ્યાત્મિક વિકાસ સાધવા માટે આ ચોવીશી મુમુક્ષુજનોને અત્યંત ઉપયોગી છે. પાકું કપડાનું બાઈંડીંગ છતાં પ્રચારાર્થે મૂલ્ય માત્ર રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ અલગ.

## શ્રી પર્વતિથિ સ્તવનાદિ સમુચ્ચય

દરેક પર્વ તિથિઓના, વીશ સ્થાનક, નવપદ, ચોવીશે તીર્થંકરો, પર્યુષણ તથા મહત્ત્વના ચૈત્યવંદન, સ્તવન તથા સજ્ઝાય વિગેરેનો અનુપમ સંગ્રહ. પાકું કપડાનું બાઈંડીંગ અને પાંચશે લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ અલગ.

## શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સંગ્રહ

મહાપ્રભાવિક નવસ્મરણ ઉપરાંત ઘંટાકર્ણ, સરસ્વતી મંત્ર, ઋષિમંડળ, ગૌતમસ્વામી રાસ વિગેરે ઉપયોગી સ્મરણોનો સંગ્રહ. ગુજરાતી ટાઇપ, પોકેટ સાઈઝ, પાકું કપડાનું બાઈંડીંગ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ અલગ.

લખો—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

## શ્રી હેમચંદ્રાચાર્ય.

લેખક:— મૌક્તિક

જાણીતા પાશ્ચિમાત્ય વિદ્વાન ડૉ. બુલ્લરના અંગ્રેજી ગ્રંથનો આ અનુવાદ શ્રીયુત મોતીચંદભાઈ ગિરધરલાલ કાપડિયાએ પોતાની રોચક શૈલીમાં કરેલો છે. કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામ અને સામર્થ્યથી કોણ અજાણ છે? વિદ્વાન કર્તાએ આ ગ્રંથમાં તેઓશ્રીને લગતા વિધવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યાં છે. ખાસ જાણવા યોગ્ય ગ્રંથ છે. લગભગ અઢીસો પાનાનો ગ્રંથ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ ત્રણ આના. વિશેષ નકલ મંગાવનારે પત્રવ્યવહાર કરવો.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ—ભાવનગર.

For Private And Personal Use Only